RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 355 Dt. 30-06-2026 Page : 08 Price : Rs 3

આમારી Whatsapp Channel માં જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

દુનિયા બારૂદના ઢગલા પર! ત્રીજા વિશ્વયુદ્ધના ભણકારા

# હોર્મુઝ પર અમારો જ કંટ્રોલ રહેશે: ઈરાન

નવી દિલ્હી, તા. ૨૯

ખાડી દેશોમાં સળગી રહેલી યુદ્ધની ચિનગારી હવે ગમે ત્યારે ભયંકર જ્વાળામુખી બનીને ફાટી શકે છે! અમેરિકા અને ઈરાન વચ્ચેનો તણાવ હવે એવા વિસ્ફોટક સ્તરે પહોંચી ગયો છે કે આખી દુનિયાના માથે મહાવિનાશની તલવાર લટકી રહી છે.

ઈરાને અત્યંત આક્રમક અને બેફામ વલણ અપનાવીને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને સીધી અને ખુલ્લી ચેતવણી આપી દીધી છે કે દુનિયાના સૌથી વ્યસ્ત અને અતિમહત્વના એવા હોર્મુઝ જળમાર્ગ પર આગામી એક મહિના સુધી સંપૂર્ણપણે ઈરાની સેનાનો જ કંટ્રોલ રહેશે.

ઈરાનના આ દુઃસાહસ અને ખુલ્લી દાદાગીરીએ આંતરરાષ્ટ્રીય સ્તરે ભારે ખળભળાટ મચાવી દીધો છે. એક તરફ દુનિયા પહેલાથી જ યુદ્ધના ઓછાયા હેઠળ જીવી રહી છે, ત્યારે ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ બગદાદમાં યોજાયેલી એક પ્રેસ કોન્ફરન્સમાં બોમ્બ ફોડતા દાવો કર્યો છે કે અમેરિકા સાથે સાઈન કરાયેલા મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ (ખઘઞ) અંતર્ગત જ ઈરાનને હોર્મુજ જળમાર્ગ પર ચાંપતી નજર રાખવાનો અને તોતિંગ ફી વસૂલવાનો કાયદેસરનો અધિકાર મળ્યો છે.





આ દાવા સાથે ઈરાને અમેરિકાને સીધો પડકાર ફેંક્યો છે કે આ ક્ષેત્રમાં અમેરિકાની કોઈપણ પ્રકારની લશ્કરી કે રાજદ્વારી દખલગીરી હવે જરા પણ સહન કરવામાં આવશે નહીં. યુદ્ધના આ ભડકાની શરૂઆત ત્યારે થઈ જ્યારે તાજેતરમાં હોર્મુઝના સંવેદનશીલ વિસ્તારમાં એક કોમર્શિયલ જહાજ પર ઘાતક ડ્રોન હુમલો કરવામાં આવ્યો. આ ઘટનાથી લાલઘૂમ થયેલા અમેરિકાએ તાબડતોબ આકરાં પગલાં લેતા ઈરાની સંપત્તિઓ પર બોમ્બમારો કરી નાશ કર્યો હતો.

**અમેરિકાની દખલગીરી સહન નહીં થાય: ડ્રોન હુમલા બાદ ટ્રમ્પ પ્રશાસનને ઈરાનની ખુલ્લી ચેતવણી**

જેના વળતા અને વધુ ઘાતક પ્રહાર રૂપે ઈરાને પણ ગલ્ફ દેશોમાં આવેલા અમેરિકી લશ્કરી ઠેકાણાઓ પર ધડાધડ મિસાઈલો અને હુમલાઓ કરી દીધા! સળંગ ત્રણ દિવસ સુધી ચાલેલા આ સામસામી હુમલાઓના ખૂની ખેલ બાદ આખરે બંને દેશો થોડા નરમ પડ્યા છે અને પરિસ્થિતિને ત્રીજા વિશ્વયુદ્ધમાં પલટાતી અટકાવવા કતારની રાજધાની દોહા ખાતે મંગળવારે શાંતિ મંત્રણાના ટેબલ પર બેસવા મજબૂર થયા છે.

જોકે, મંત્રણાની ટેબલ પર બેસતા પહેલા જ ઈરાને પોતાની જીદ પકડી રાખી છે કે તેઓ આ માર્ગ પરથી પસાર થતા તમામ જહાજો પર બાજ નજર રાખવા અને તેમની પાસેથી ફી વસૂલવાના મામલે એક ઈંચ પણ પાછળ હટવા તૈયાર નથી. બીજી તરફ, સુપરપાવર અમેરિકા ઈરાનની આ દાદાગીરી સામે ઝૂકવા તૈયાર નથી અને આ એકતરફી નિયંત્રણનો સખત વિરોધ કરી રહ્યું છે.

અમેરિકાની સ્પષ્ટ અને કડક માંગ છે કે આ આંતરરાષ્ટ્રીય દરિયાઈ માર્ગ દુનિયાભરના જહાજોના મુક્ત પરિવહન માટે કોઈપણ પ્રકારની ખંડણી કે રોકટોક વગર ખુલ્લો રહેવો જોઈએ. અત્રે એ નોંધવું અત્યંત જરૂરી છે કે, ભૌગોલિક અને વ્યાપારિક દ્રષ્ટિએ હોર્મુઝ સ્ટ્રેટ એ ફારસની ખાડી અને ઓમાનની ખાડીને જોડતો એક અત્યંત સાંકડો પરંતુ દુનિયાની જીવાદોરી સમાન સૌથી વ્યસ્ત ઓઈલ ટ્રેડિંગ રૂટ છે.

વિશ્વભરમાં થતા તેલ અને ગેસના સપ્લાયનો સૌથી મોટો હિસ્સો આ જ રસ્તેથી પસાર થાય છે. જો ઈરાન અને અમેરિકા વચ્ચે અહીં સીધું યુદ્ધ ફાટી નીકળે અને આ જળમાર્ગ બંધ થાય, તો સમગ્ર વિશ્વમાં પેટ્રોલ-ડીઝલના ભાવ આસમાને પહોંચી જશે અને વૈશ્વિક અર્થતંત્ર પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ જશે!

# બંગાળમાં OBC અનામત કાયદામાં સુધારો કરતા બે બિલ પસાર

## કુલ ૧૮૬ ધારાસભ્યોએ બિલની તરફેણમાં મતદાન કર્યું, જ્યારે ૧૭ તેમના વિરોધમાં મતદાન કર્યું હતું. છ સભ્યો મતદાનથી દૂર રહ્યા હતા

નવી દિલ્હી, તા.૨૯

પશ્ચિમ બંગાળ વિધાનસભાએ સોમવારે વિરોધ પક્ષના નેતા ઋતાબ્રત બેનર્જીની આગેવાની હેઠળ બળવાખોર તૃણમૂલ કોંગ્રેસના ધારાસભ્યોના એક જૂથ દ્વારા વોકઆઉટ વચ્ચે અન્ય પછાત વર્ગો (OBC) અનામત સંબંધિત કાયદામાં સુધારો કરતા બે બિલ પસાર કર્યા હતા. કુલ ૧૮૬ ધારાસભ્યોએ બિલની તરફેણમાં મતદાન કર્યું, જ્યારે ૧૭ તેમના વિરોધમાં મતદાન કર્યું. છ સભ્યો મતદાનથી દૂર રહ્યા હતા.

આ બિલ પસાર થયા પછી, કોલકાતા હાઈકોર્ટના નિર્દેશો અનુસાર ઘઈઈ અનામત માળખું ૧૭% થી સુધારીને ૭% કરવામાં આવ્યું છે, સાથે જ ઘઈઈ શ્રેણીઓનું પુનર્ગઠન પણ કરવામાં આવ્યું છે. પશ્ચિમ બંગાળ પછાત વર્ગો (SC અને ST સિવાય) સેવાઓમાં ખાલી જગ્યાઓનું અનામત અને પોસ્ટ સુધારા બિલ, ૨૦૨૬, અને પશ્ચિમ બંગાળ પછાત વર્ગો માટે કમિશન સુધારો બિલ, ૨૦૨૬ પછાત વર્ગ વિકાસ મંત્રી ગૌરીશંકર ઘોષ દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા.

બીજું બિલ પશ્ચિમ બંગાળ પછાત વર્ગો માટે કમિશનને સંચાલિત કરતા ૧૯૯૩ના કાયદામાં સુધારો કરે છે. આ બિલ રજૂ કરતી વખતે, ઘોષે કહ્યું કે સરકાર હાઈકોર્ટના નિર્દેશો અનુસાર કાર્ય કરી રહી છે અને સુધારા પાછળ કોઈપણ રાજકીય હેતુનો ઈનકાર કર્યો છે. અમે કોઈપણ ક્ષેત્ર સર્વે કર્યા વિના અગાઉ સમાવિષ્ટ ૧૧૩ વર્ગોને દૂર કર્યા છે, અને ૬૬ પેટા-વર્ગને જાળવી રાખ્યા છે, જે વિવિધ સર્વેક્ષણો પછી સમાવિષ્ટ કરવામાં આવ્યા હતા.

પછાત વર્ગ કમિશન તપાસ કરશે અને જો તેને લાગે કે કોઈપણ સમુદાયનો સમાવેશ થવો જોઈએ, તો તે રાજ્ય સરકારના વિચારણાઓ માટે ભલામણો કરી શકે છે. પાછલી સરકારે કમિશનને બાયપાસ કર્યું હતું અને તેથી જ હાઈકોર્ટે પ્રક્રિયાને રદ કરી હતી.

આ સુધારા રાજ્ય સરકારને કમિશન સાથે પરામર્શ કરીને, વિવિધ ઘઈઈ શ્રેણીઓ માટે અનામત ટકાવારી નક્કી કરવા માટે સશક્ત બનાવે છે. બીજા બિલમાં કમિશનના બંધારણ, સત્તાઓ અને જવાબદારીઓ પણ વ્યાખ્યાયિત કરવામાં આવી છે.

રામ મંદિર દાન વિવાદની અરજી પર તાત્કાલિક સુનાવણીનો સુપ્રીમનો ઈનકાર

# આકાશ તૂટી પડવાનું નથી: સુપ્રીમ

નવી દિલ્હી, તા.૨૯

સુપ્રીમ કોર્ટે સોમવારે અયોધ્યા રામ મંદિરમાં દાનના કથિત ઉચાપતની નિષ્પક્ષ અને સમયમર્યાદા તપાસની માંગ કરતી અરજી પર તાત્કાલિક સુનાવણીનો ઈનકાર કર્યો હતો. જસ્ટિસ એમ. મસુંદરેશ અને શીલનાગુની બેન્ચે કહ્યું કે ઉનાળાના વિરામ પછી આ મામલો સુનાવણી માટે સૂચિબદ્ધ કરવામાં આવશે. બેન્ચે મૌખિક રીતે અવલોકન કર્યું કે, આ કેસમાં કોઈ આકાશ તૂટી પડવાનું નથી.

વકીલો અજય કુમાર રાય અને દિનેશ કુમાર યાદવ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં કહેવામાં આવ્યું છે કે શ્રી રામ જન્મભૂમિ તીર્થક્ષેત્ર ટ્રસ્ટના કાર્યો અને વહીવટ સંબંધિત કથિત નાણાકીય અનિયમિતતાઓ અને અન્ય કથિત ગેરકાયદેસરતાઓની તપાસ સીબીઆઈના નેતૃત્વ હેઠળની બહુ-શાખાકીય વિશેષ તપાસ ટીમ (SIT) દ્વારા કરવી જોઈએ. આ મામલે FIR દાખલ કરવાની માંગ કરતી અરજીમાં કેન્દ્ર, ઉત્તર પ્રદેશ સરકાર અને મંદિર ટ્રસ્ટને જાહેર હિતનું રક્ષણ કરવા અને લાખો ભક્તો અને દાતાઓનો વિશ્વાસ જાળવી રાખવા માટે જરૂરી નિયમનકારી, દેખરેખ અને ઓડિટ પદ્ધતિઓ બનાવવા



અને કાર્યરત કરવા માટે નિર્દેશ આપવાની પણ માંગ કરવામાં આવી હતી.

શ્રી રામ જન્મભૂમિ તીર્થક્ષેત્ર ટ્રસ્ટ સંબંધિત ગુમ થયેલ ભંડોળ અને અન્ય કથિત અનિયમિતતાઓ અંગેના અહેવાલો આખરે સાચા સાબિત થાય છે કે નહીં, આવા અહેવાલોએ અયોધ્યાના ગૌરવને પુનઃસ્થાપિત કરવા માટે સંઘર્ષ કરતી પેઢીઓમાં ચિંતા પેદા કરી છે. ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા રચાયેલી SIT એ FIR અથવા કોઈપણ નિયમિત ફોજદારી કેસ નોંધ્યા વિના આ મામલાની તપાસ શરૂ કરી છે, એવો પણ આરોપ મૂકવામાં આવ્યો છે. આ અરજીમાં કહેવામાં આવ્યું છે કે મંદિર ટ્રસ્ટ સાથે સંકળાયેલા કથિત ગુમ થયેલા ભંડોળ અને અન્ય કથિત ગેરરીતિઓ અંગેના અહેવાલોની સત્યતા સ્વતંત્ર રીતે એકીકૃત એજન્સી દ્વારા હાથ ધરવામાં આવેલી વ્યાવસાયિક તપાસ દ્વારા ચકાસવી જોઈએ જેની પાસે જટિલ નાણાકીય અને ગુનાહિત તપાસને હેન્ડલ કરવા માટે જરૂરી કુશળતા, સંસાધનો અને સંસ્થાકીય પદ્ધતિઓ હોય. આવી તપાસ ખાસ તપાસ ટીમ (SIT) દ્વારા હાથ ધરવામાં આવતી પ્રારંભિક તપાસ કરતાં વધુ જાહેર વિશ્વાસ ઊભો કરશે. તેમાં કહેવામાં આવ્યું છે કે સંકળાયેલા મુદ્દાઓ માત્ર સંજ્ઞાનપાત્ર ગુનાઓના સંભવિત કમિશનને જ નહીં પરંતુ અસંખ્ય ભક્તો અને જનતાની શ્રદ્ધા, લાગણીઓ અને વિશ્વાસને પણ અસર કરે છે. રામ મંદિરમાં મળેલા દાનમાં ગેરરીતિના આરોપો બાદ, ૧૩ જૂનના રોજ, ઉત્તર પ્રદેશ સરકારે મંદિર ટ્રસ્ટની વિનંતી પર SIT ની રચના કરી. SIT માં લખનૌના ડિવિઝનલ કમિશનર વિજય વિશ્વાસ પંત, IGP કિરણ એસ અને નાણા વિભાગના વિશેષ સચિવ નીલ રતનનો સમાવેશ થાય છે.

# કાલથી LPG અને પેટ્રોલ ડીઝલના બદલાશે નિયમો

**ઈન્ડેન, ભારત ગેસ અને HP ના ગ્રાહકો માટે e-KYC ની મહેતલ પૂર્ણ, PNG કનેક્શન વાળાના ગેસ કનેક્શન કપાશે; વાહનચાલકોને મોટી રાહત: પેટ્રોલ પંપ પરથી ૨૦૦ લીટરની મહત્તમ ખરીદીની મર્યાદા હટાવાઈ**

નવી દિલ્હી, તા.૨૯

કેન્દ્ર સરકાર દ્વારા આગામી ૧લી જુલાઈથી સામાન્ય જનજીવનને સ્પર્શતા બે અત્યંત મહત્વપૂર્ણ નિર્ણયોનો અમલ થવા જઈ રહ્યો છે. એક તરફ રસોઈ ગેસ (LPG) ના નિયમોમાં કડકાઈ લાવવામાં આવી રહી છે, તો બીજી તરફ પેટ્રોલ અને ડીઝલની ખરીદી પર લાદવામાં આવેલા નિયંત્રણો હળવા કરીને ટ્રાન્સપોર્ટરો અને વાહનચાલકોને મોટી રાહત આપવામાં આવી છે.

ગેસ સિલિન્ડર માટે e-KYC ની પ્રક્રિયા ફરજિયાત જો તમે ઈન્ડેન (Indane), ભારત ગેસ (Bharat Gas) કે એચપી ગેસ (HP Gas) ના ગ્રાહક છો, તો આ સમાચાર તમારા માટે ખૂબ અગત્યના છે. સરકારે તમામ ગેસ ગ્રાહકો માટે ઈ-કેવાયસી (e-KYC) કરાવવું ફરજિયાત બનાવ્યું છે, જેની અંતિમ તારીખ ૩૦ જૂન છે. જે ગ્રાહકો આ સમયમર્યાદામાં પોતાની e-KYC પ્રક્રિયા પૂર્ણ નહીં કરે, તેમના કનેક્શન ૧ જુલાઈથી બ્લોક કરી દેવામાં આવી શકે છે. આનો સીધો અર્થ એ છે કે, તેઓ નવા સિલિન્ડરનું બુકિંગ કરાવી શકશે નહીં અને તેમને ગેસ મળતો બંધ થઈ શકે છે. જો કે, જે ગ્રાહકોએ આ પ્રક્રિયા અગાઉથી જ પૂરી કરી લીધી છે, તેમણે કોઈ જ પ્રક્રિયા કરવાની જરૂર નથી.

નવા નિયમો અનુસાર, જે વિસ્તારોમાં પાઈપલાઈન દ્વારા ગેસ (PNG - Piped Natural Gas) ની સુવિધા ઉપલબ્ધ થઈ ગઈ છે, ત્યાંના ગ્રાહકોએ ફરજિયાતપણે PNG માં





ટ્રાન્સફર થવું પડશે. સરકાર દ્વારા આ માટે આપવામાં આવેલી ૩ મહિનાની સમયસીમા જૂન મહિનાના અંતમાં પૂર્ણ થઈ રહી છે. જો કોઈ ગ્રાહક પાસે પહેલેથી જ PNG કનેક્શન છે, છતાં તેઓ LPG સિલિન્ડરનો ઉપયોગ કરી રહ્યા છે, તો આગામી ૧ મહિનાની અંદર તેમનું LPG કનેક્શન કાપી નાખવામાં આવશે.

જોકે, ગ્રાહકો માટે એક રાહતના સમાચાર એ છે કે, જો તેઓ સામે ચાલીને (જાતે) પોતાનું LPG કનેક્શન સરેન્ડર કરશે, તો તેમને ગેસ કંપની તરફથી એક વિશેષ કૂપન આપવામાં આવશે. ભવિષ્યમાં જો તેઓ અન્ય કોઈ સ્થળે રહેવા જાય અને ત્યાં ફરીથી LPG કનેક્શનની જરૂર પડે, તો આ કૂપનની મદદથી કનેક્શન આસાનીથી એક્ટિવ કરી શકાશે.

હાલમાં શહેરી વિસ્તારોમાં નવું સિલિન્ડર બુક કરાવ્યા પછી ડિલિવરી માટે ૨૫ દિવસ અને ગ્રામ્ય વિસ્તારોમાં ૪૫ દિવસ સુધીની લાંબી રાહ જોવી પડે છે. તાજેતરમાં પશ્ચિમ એશિયાના દેશોમાં તણાવ હળવો થતાં ભારત સરકારે કોમર્શિયલ ગેસ પરના કેટલાક નિયંત્રણો અને પ્રતિબંધો હટાવી લીધા છે. આ પરિસ્થિતિને જોતા એવી પ્રબળ શક્યતાઓ સેવાઈ રહી છે કે ૧ જુલાઈથી ઘરગથ્થુ ગેસ (Domestic LPG) ના બુકિંગના વેઈટિંગ પિરિયડમાં પણ ઘટાડો કરવામાં આવશે. જોકે, આ અંગેની સત્તાવાર જાહેરાત હજુ કરવાની બાકી છે.

વાહનચાલકો અને ખાસ કરીને ટ્રાન્સપોર્ટ ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકો માટે ૧ જુલાઈથી મોટા રાહતના સમાચાર છે. સરકારે ગત ૧૨ જૂનના રોજ એક સત્તાવાર આદેશ જારી કરીને રિટેલ પેટ્રોલ પંપ પરથી થતા પેટ્રોલ અને ડીઝલના વેચાણ પર ૨૦૦ લીટરની કેપિંગ (મહત્તમ મર્યાદા) લગાવી દીધી હતી. આ નિયમ મુજબ કોઈપણ વ્યક્તિ કે એક વાહન માટે એક દિવસમાં ૨૦૦ લીટરથી વધુ ઈંધણ ખરીદી શકાતું નહોતું. આ વ્યવસ્થાના કારણે લાંબા રૂટ પર ચાલતા મોટા વાહનો, ટ્રક અને ટ્રાન્સપોર્ટરોને પોતાની જરૂરિયાત મુજબનું ઈંધણ મેળવવામાં ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો હતો.

સરકારે આ નિયંત્રણ કોઈ અચાનક કે કારણ વગર નહોતું લાદ્યું. આ પાછળનું મુખ્ય વ્યાપારિક કારણ જથ્થાબંધ ખરીદદારો (Bulk Purchasers) ને રિટેલ પેટ્રોલ પંપો પરથી મોટો જથ્થો ખરીદતા રોકવાનું હતું. જથ્થાબંધ ખરીદદારો રિટેલ પંપો તરફ વળતા સામાન્ય ગ્રાહકો માટે ઈંધણની અછત ઉભી થવાની ભીતિ હતી. સામાન્ય નાગરિકોને પેટ્રોલ-ડીઝલ સરળતાથી મળી રહે તે હેતુથી આ મર્યાદા નક્કી કરવામાં આવી હતી.

પરંતુ હવે બજારની સ્થિતિ સંતુલિત થતા, ૧ જુલાઈથી આ પ્રતિબંધ સંપૂર્ણપણે હટાવી લેવામાં આવશે. હવે ગ્રાહકો અને મોટા વાહન માલિકો પોતાની જરૂરિયાત મુજબ કોઈપણ મર્યાદા વિના પેટ્રોલ-ડીઝલ ભરાવી શકશે.



### રાજકોટ જિલ્લામાં સહકાર સપ્તાહનો શાનદાર પ્રારંભ

# 'કો-ઓપરેટીવ પ્રતિજ્ઞા' લેતાં ૧૮૨૦૦ લોકો

## કેન્દ્રના સહકાર મંત્રાલયની સૂચના અન્વયે જિલ્લા રજિસ્ટ્રાર ડો. બી. એન. પટેલના માર્ગદર્શન હેઠળ ૨૯ જૂનથી ૬ જુલાઈ સુધી વિવિધ કાર્યક્રમોનું ભવ્ય આયોજન







રાજકોટ, તા.૨૯

ભારત સરકારના સહકાર મંત્રાલયના માર્ગદર્શન હેઠળ રાજકોટ જિલ્લામાં 'સહકાર સપ્તાહ'ની ભવ્ય ઉજવણીનો આજથી ઉત્સાહભેર પ્રારંભ થયો છે. આજે ૨૯ જૂનના રોજ 'કો-ઓપરેટીવ પ્રતિજ્ઞા દિવસ' નિમિત્તે રાજકોટ જિલ્લાની વિવિધ સહકારી સંસ્થાઓના પદાધિકારીઓ, કર્મચારીઓ અને ખેડૂત સભ્યો સહિત આશરે ૧૮,૨૦૦ જેટલા લોકોએ એકસાથે 'સહકાર પ્રતિજ્ઞા' લઈને જિલ્લાના સહકારી માળખાને વધુ પારદર્શક અને મજબૂત બનાવવાનો સંકલ્પ કર્યો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર, કેન્દ્ર સરકારના સહકાર મંત્રાલય દ્વારા ગત તારીખ ૨૭/૦૫/૨૦૨૬ ના રોજ બહાર પાડવામાં આવેલી વિશેષ માર્ગદર્શિકા અને સૂચનાઓ અનુસાર, સમગ્ર દેશમાં સહકારી પ્રવૃત્તિઓને નવો વેગ આપવા માટે પ્રયાસો થઈ રહ્યા છે. જેના ભાગરૂપે રાજકોટમાં જિલ્લા રજિસ્ટ્રાર (સહકારી મંડળીઓ) ડો. બી. એન. પટેલના સીધા માર્ગદર્શન અને સુચારુ આયોજન હેઠળ તારીખ ૨૯ જૂનથી ૦૬ જુલાઈ ૨૦૨૬ દરમિયાન વિશેષ 'સહકાર સપ્તાહ' ની ઉજવણી કરવામાં આવનાર છે. આ સપ્તાહ દરમિયાન સહકારી ક્ષેત્રની કામગીરી, સરકારની યોજનાઓ અને તેના ફાયદાઓ અંગે વ્યાપક જનજાગૃતિ લાવવાના સઘન પ્રયાસો હાથ ધરવામાં આવશે તેવું નક્કી કરાયું છે.

સહકાર સપ્તાહના પ્રથમ દિવસે એટલે કે આજરોજ તા. ૨૯/૦૬/૨૦૨૬ ના રોજ જિલ્લા રજિસ્ટ્રાર કચેરી દ્વારા કો-ઓપરેટીવ પ્રતિજ્ઞા દિવસ ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ ઐતિહાસિક પ્રતિજ્ઞા કાર્યક્રમમાં રાજકોટ જિલ્લાની અગ્રણી સહકારી સંસ્થાઓએ ભારે ઉત્સાહ સાથે ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં જોડાયેલી મુખ્ય સંસ્થાઓમાં રાજકોટ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી., રાજકોટ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી., રાજકોટ જિલ્લા સહકારી ખરીદ-વેંચાણ સંઘ લી., જિલ્લાની તમામ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓ, રાજકોટ-લોધિકા તાલુકા સહકારી ખરીદ-વેંચાણ સંઘ લી. તેમજ જિલ્લાની તમામ પ્રાથમિક કૃષિ ધિરાણ સહકારી મંડળીઓનો સમાવેશ થાય છે. આજના આ પ્રતિજ્ઞા કાર્યક્રમની સૌથી મોટી વિશેષતા એ રહી કે, ઉપરોક્ત તમામ સહકારી સંસ્થાઓના ઉચ્ચ પદાધિકારીઓ, અધિકારીઓ, સામાન્ય કર્મચારીઓ અને સંસ્થાના છેવાડાના સભ્યોએ એકત્ર થઈને સરકારના 'સહકારથી સમૃદ્ધિ' ના મૂળ મંત્રને સાર્થક કરવા માટે શપથ લીધા હતા. એક જ દિવસમાં આશરે ૧૮,૨૦૦ વ્યક્તિઓ દ્વારા સહકાર પ્રતિજ્ઞા લેવામાં આવી હતી, જે રાજકોટ જિલ્લામાં સહકારી ચળવળની વ્યાપકતા, એકતા અને તાકાતનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે.

જિલ્લા રજિસ્ટ્રાર ડો. બી. એન. પટેલના નેતૃત્વમાં આગામી ૬ જુલાઈ સુધી સપ્તાહના અલગ-અલગ દિવસોમાં સહકારી સંસ્થાઓના ઉત્કર્ષ માટે વિવિધ કાર્યક્રમો અને જનજાગૃતિ અભિયાનો અવિરત ચાલુ રહેશે. આજના આ કાર્યક્રમથી રાજકોટની સહકારી ચળવળને એક નવી જ ઊર્જા મળી છે.

### પીસીબીનો માલિયાસણથી કાળીપાટ ચોકડી તરફના રસ્તે દરોડો

# ટ્રકમાં વધારાની ડીઝલ ટેન્ક બનાવી વિદેશી દારૂ છુપાવ્યો!

## કુલ ૧૧.૫૩ લાખથી વધુનો મુદ્દામાલ જપ્તઃ ગોંડલ રોડ પર રહેતાં આશિષ હિંગરાજીયાની ધરપકડ

રાજકોટ, તા.૨૯

શહેરમાં પ્રોહીબીશનની ગેરકાયદેસર પ્રવૃત્તિઓનો સંતર નેસ્તનાબૂદ કરવા માટે રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝાએ કડક સૂચનાઓ આપી છે. આ સૂચના અન્વયે પીસીબીએ એક અનોખી મોડસ ઓપરેન્ડીનો પર્દાફાશ કરીને ટ્રકમાં ખાસ બનાવેલી વધારાની ડીઝલ ટેન્કમાંથી ઇંગ્લીશ દારૂના મોટા જથ્થા સાથે એક આરોપીને ઝડપી પાડવામાં સફળતા મેળવી છે.

વિગતો જોઈએ તો પીસીબીના ઇન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર એમ.આર.ગોંડલીયાના માર્ગદર્શન હેઠળ પીસીબીની ટીમ પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન પો.હેડ.કોન્સ. કુલદીપસિંહ જાડેજા, વિજયભાઈ મેતા અને પો.કોન્સ. યુવરાજસિંહ રાણાને સંયુક્ત રીતે એક ચોક્કસ હકીકત મળી હતી કે એક ટ્રકમાં ગેરકાયદેસર દારૂની હેરાફેરી થઈ રહી છે. આ ચોક્કસ બાતમીના આધારે પોલીસે નવા ૧૫૦ ફુટ રીંગ રોડ માલીયાસણ તરફથી કાળીપાટ ચોકડી તરફ આવતા રોડ પર, ગ્રીન ફાર્મ ક્રિકેટ ગ્રાઉન્ડ પાસે વોચ ગોઠવી હતી. ત્યાંથી પસાર થતી અશોક લેલેન્ડ ટ્રકને અટકાવીને જ્યારે તેની તલાશી લેવામાં આવી ત્યારે ટ્રકમાં ખાસ વધારાની ડીઝલ ટેન્ક બનાવેલી મળી આવી હતી, જેની અંદરથી વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો.

પોલીસે આ મામલે ટ્રક ચલાવતા એક ઇસમને ઘટનાસ્થળેથી જ દબોચી લીધો હતો. પકડાયેલા આરોપીનું નામ આશિષ રમણીકભાઇ હીંગરાજીયા (ઉ.વ.૪૩) (રહે. ભવ્ય એપાર્ટમેન્ટ, એ-વીંગ, ચોથો માળ, બ્લોક નં. ૪૦૧, સૌરાષ્ટ્ર હોટલ પાછળ, ગોંડલ રોડ, રાજકોટ) છે. પોલીસે રોયલ ક્લાસિક મોલ્ટ વ્હીસ્કી ૭૫૦ એમએલની બોટલ નંગ-૩૭૨ કિંમત રૂપિયા ૧,૫૩,૨૬૪ ટ્રક નં. જી.જે.૨૭.ટી.ટી.૭૩૧૧ કિંમત રૂપિયા ૧૦,૦૦,૦૦૦ મળી કુલ મુદ્દામાલ કિંમતઃ રૂ. ૧૧,૫૩,૨૬૪નો જપ્ત કર્યો છે.

આ કામગીરી ઇન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર એમ.આર.ગોંડલીયા, પોલીસ સબ ઈન્સ્પેક્ટર એ.બી.જાડેજા, આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર






મયુરભાઈ પાલરીયા, સંતોષભાઈ મોરી, મહિપાલસિંહ ઝાલા, હરદેવસિંહ રાઠોડ, ઘનશ્યામસિંહ ચૌહાણ, હેડ કોન્સ્ટેબલ કિરતસિંહ ઝાલા, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, કુલદીપસિંહ જાડેજા, વિજયભાઈ મેતા, દિલીપભાઈ બોરીચા, રાહુલગીરી ગોસ્વામી, નગીનભાઈ ડાંગર, હિરેન સોલંકી, યુવરાજસિંહ રાણા, દેવરાજભાઈ, વિશાલભાઈ દવે, જયેશભાઈ ગઢવી સહિતે કરી હતી.



# પ્રી-સ્કૂલમાં સીસીટીવી કેમેરા તોડી લેપટોપની ચોરી

## કાલાવડ રોડ પર બનાવઃ બે તસ્કરને શોધી રહી છે માલવીયાનગર પોલીસ

રાજકોટ,તા.૨૯

શહેરમાં કાલાવાડ રોડ પર આવેલી એક જાણીતી પ્રી-સ્કૂલને તસ્કરોએ નિશાન બનાવી હોવાની ઘટના સામે આવી છે. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર સામે આવેલી "who am I" નામની બાળકોની પ્રી-સ્કૂલ અને ઈન્સ્ટિટ્યૂટમાં તસ્કરો ત્રાટક્યા હતા. આ અંગે ઈન્સ્ટિટ્યૂટના સંચાલક વિજયભાઈ ચુનીલાલ રાયચુરાએ માલવીયાનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

મળતી માહિતી મુજબ, ૨૯ જૂન ૨૦૨૬ના રોજ વહેલી સવારે આશરે ૦૪:૪૦ થી ૦૫:૦૫ વાગ્યાના અરસામાં નંબર પ્લેટ વગરના બાઈક પર બે અજાણ્યા ચોર ઈસમો આવ્યા હતા. જેમાંથી એક શખ્સે ઈન્સ્ટિટ્યૂટની દીવાલ ટપી, અંદર પ્રવેશ કરી કાચનો દરવાજો અને સીસીટીવી કેમેરો તોડી નાખી નુકસાન કર્યું હતું. તસ્કરો ટેબલના ખાનામાંથી એક સિલ્વર કલરનું HP કંપનીનું લેપટોપ કિંમત ૨૫,૦૦૦નું અને એક કાળા કલરનું Microsoft કંપનીનું લેપટોપ કિંમત ૩૫,૦૦૦નું મળી કુલ ૬૦,૦૦૦ની કિંમતના બે લેપટોપ ચોરી કરીને ફરાર થઈ ગયા હતા. વહેલી સવારે સ્ટાફ મેમ્બર હિરણબેન વાગડીયાએ સંચાલકને જાણ કરતાં આ ચોરીની ખબર પડી હતી.. પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે અજાણ્યા સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જળ સંગ્રહશક્તિની ક્ષમતામાં ૨૦,૭૮૯ લાખ ઘન ફુટનો વધારો

## 'સુજલામ સુફલામ જળ અભિયાન' થકી ૮ વર્ષમાં ૧,૩૮,૦૩૯ લાખ ઘન ફુટનો રેકોર્ડબ્રેક વધારો : જળ સંપત્તિ મંત્રી ઈશ્વરસિંહ પટેલ



ગાંધીનગર, તા.૨૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'કેચ ધ રેઈન' અભિયાન હેઠળ સમગ્ર રાજ્યમાં પાણીના સંગ્રહનો વ્યાપ વધારવા અને ભૂગર્ભ જળ સ્તર ઊંચા લાવવાના ઉમદા આશય સાથે ચલાવવામાં આવતું 'સુજલામ સુફલામ જળ અભિયાન' જનભાગીદારી થકી એક જ્વલંત લોકઆંદોલન બની ચૂક્યું છે.

આ વર્ષે 'સુજલામ સુફલામ જળ અભિયાન' થકી જળ સંગ્રહશક્તિની ક્ષમતામાં ૨૦,૭૮૯ લાખ ઘન ફૂટનો વધારો થયો છે.જ્યારે છેલ્લા ૮ વર્ષમાં રાજ્યની જળ સંગ્રહશક્તિમાં રેકોર્ડબ્રેક કુલ ૧,૩૮,૦૩૯ લાખ ઘન ફૂટ જેટલો વધારો નોંધાયો છે.પાણી બચાવવા અને તેનો બગાડ અટકાવવા માટે લોકમાનસમાં જાગૃતિ આવે તેવી દીર્ઘદ્રષ્ટિ સાથે છેલ્લા ૦૮ વર્ષથી આ અભિયાન સફળતાપૂર્વક હાથ ધરવામાં આવી રહ્યું છે તેમ,જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું હતું.

આ વર્ષે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે તા. ૨૩ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ ગાંધીનગર ખાતેથી આ અભિયાનનો રાજ્યવ્યાપી ભવ્ય શુભારંભ કરવામાં આવ્યો હતો. મુખ્યમંત્રીના કુશળ માર્ગદર્શન હેઠળ ચાલુ વર્ષે સમગ્ર રાજ્યમાં મે ૨૦૨૬ સુધીમાં જુદા જુદા વિભાગોના સંકલનથી કુલ ૧૩,૩૧૫ કામો સફળતાપૂર્વક પૂર્ણ કરી લેવામાં આવ્યા છે.આ અભિયાન અંતર્ગત પરંપરાગત જળ સ્ત્રોતોના નવીનીકરણ પર વિશેષ ભાર મૂકવામાં આવી રહ્યો છે. જેમાં ચાલુ વર્ષે મુખ્યત્વે તળાવો ઊંડા કરવાના ૨,૪૫૦ કામો, ચેકડેમ ડિસિલ્ટીંગના ૩,૬૬૧ કામો તથા ચેકડેમ રીપેરીંગના ૧,૧૬૦ કામો કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ૬૨૬ કિ.મી. લંબાઈમાં નહેરો તથા ૧,૨૭૭ કિ.મી. લંબાઈમાં કાંસોની સાફસફાઈ કરવામાં આવી છે. આ કામો થકી જળ સંગ્રહશક્તિની ક્ષમતામાં ૨૦,૭૮૯ લાખ ઘન ફૂટ જેટલો વધારો થયો છે. આ સાથે શ્રમિકો માટે અંદાજે ૨.૩૦ લાખ માનવદિનની રોજગારી ઉત્પન્ન થઈ છે.

અભિયાનને સફળ બનાવવા માટે રાજ્ય સરકારના ૬ મુખ્ય વિભાગો - જળ સંપત્તિ, પાણી પુરવઠા વિભાગ, વન અને પર્યાવરણ, શહેરી વિકાસ , ગ્રામ વિકાસ વિભાગ અને સરદાર સરોવર નર્મદા નિગમ લિ. એકસાથે મળીને કામગીરી કરી રહ્યા છે. આ કામોની મુખ્યત્વે ત્રણ પદ્ધતિઓ છે, જેમાં લોકભાગીદારી, મનરેગા યોજના અને વિભાગીય રીતે પૂર્ણ કરવામાં આવે છે.આ અભિયાનની સિદ્ધિઓ જણાવતાં કહ્યું હતું કે,લાંબાગાળાના આયોજન અને સખત પરિશ્રમના પરિણામે છેલ્લા ૮ વર્ષમાં કુલ ૧,૨૩,૬૩૫ કામો હાથ ધરવામાં આવ્યા હતા. જે પૈકી મુખ્યત્વે તળાવો ઉંડા કરવા તેમજ નવા તળાવોના ૩૯,૭૭૦ કામો, ચેકડેમ ડિસિલ્ટીંગના ૨૬,૮૭૩ કામો તથા ચેકડેમ રીપેરીંગના ૭,૮૧૦ કામો પૂર્ણ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત કુલ ૮૦,૭૯૩ કિ. મી. લંબાઈમાં નહેરોની તથા કાંસની સાફસફાઇના કામો હાથ ધરવામાં કરવામાં આવ્યા હતા, જેના થકી જળ સંગ્રહશક્તિ ક્ષમતામાં કુલ ૧,૩૮,૦૩૯ લાખ ઘન ફૂટ જેટલો વધારો થયો છે જેમાં ૨૦૬.૭૩ લાખ માનવદિનની રોજગારી ઉત્પન્ન થઈ છે તેમ, મંત્રીએ વિગતો આપતાં ઉમેર્યું હતું.

# જિલ્લા પંચાયતની પ્રશ્નોત્તરીમાં પણ સમય મર્યાદા ન રાખવા વિચારણા



## જિલ્લા વિકાસ અધિકારી સાથે ચર્ચા કર્યા બાદ લેવાશે નિર્ણયઃ મનપાની કાર્ય પ્રણાલી જિલ્લા પંચાયત અપનાવે તેવી સંભાવના વધી

રાજકોટ, તા. ૨૯

મહાનગરપાલિકા બાદ જિલ્લા પંચાયત ની પ્રથમ સામાન્ય સભા નવમી જુલાઈના રોજ મળશે જે માટેનો એજન્ડા ગઈકાલે જ પ્રસિદ્ધ કરી દેવામાં આવ્યો હતો પરંતુ એ છે કે આ સામાન્ય સભામાં પ્રશ્નોત્તરી રાખવામાં આવી નથી ત્યારે માત્ર ને માત્ર નવી સમિતિઓની રચના કરવામાં આવશે તેવું હાલ જિલ્લા પંચાયતના સૂત્રોએ જણાવ્યું હતું. ત્યારે હવે ચર્ચા એ ચોર પકડ્યું છે કે મહાનગરપાલિકામાં જે પ્રશ્નોત્તરી માટે જે પૂરતો સમય આપવામાં આવ્યો હતો તેવી જ રીતે જિલ્લા પંચાયત પણ પ્રશ્નોત્તરી લાંબા સમય સુધી ચલાવશે કે કેમ તે અંગે હજુ સુધી કોઈ સ્પષ્ટતા થઈ નથી. ભાજપે જિલ્લા પંચાયતની ૩૬ બેઠકોમાંથી ૩૪ બેઠકો જીતી છે અને બહુમતી મેળવી છે. ત્યારે એક મહિના જેટલો માતબર સમય પણ વીતી ગયો છે છતાં પણ હજુ સમિતિઓના ચેરમેનની નિમણૂક કરવામાં આવી નથી તે અંગે પણ અનેકવિધ પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે.

પ્રમુખપદે સંજય પીપળીયા તથા ઉપપ્રમુખ તરીકે સામત બાંભવા સતારૂઢ થયા હતા. ત્યારબાદ સમિતિની રચના પ્રક્રિયા સ્થગીત હોય તેમ એકાદ મહિના સુધી કોઈ સળવળાટ થયો નહતો છેવટે ૯ જુલાઈએ પ્રથમ સામાન્ય સભા બોલાવીને સમિતિઓની રચના કરવાનું જાહેર થયું હતું. આ ખાસ સામાન્ય સભા નકકી થઈ હોવાથી પ્રશ્નોત્તરી નહીં હોય અને એજન્ડામાં માત્ર સમિતિ રચનાની જ દરખાસ્ત હોવાના નિર્દેશ છે. બીજી તરફ જિલ્લા પંચાયતની આઠ સમિતિ અંગે હાલ અનેકવિધ સવાલો ઉઠી રહ્યા છે કે કોણ ચેરમેન પદ શોભાવ છે જેના માટે હાલ અત્યારથી જ લોબિંગ શરૂ થઈ ગયું છે ત્યારે નવમી જુલાઈએ યોજનારી ખાસ સામાન્ય સભામાં સમિતિઓના વડાઓની જાહેરાત થઈ જશે તેવું હાલ જિલ્લા પંચાયતના સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. રાજકોટ જિલ્લા પંચાયતના અધિકાર ક્ષેત્રમાં આવતા વિવિધ ગામોમાં હાલ વરસાદ ખેંચાતા અનેકવિધ પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે ત્યારે આ પ્રથમ સામાન્ય સભામાં કોઈ પ્રશ્નોત્તરી યોજાશે નહીં પરંતુ તાકીદે અન્ય સામાન્ય સભા બોલાવી આ પ્રશ્નો ઉપર ચર્ચા કરવામાં આવે તેવી પણ શક્યતા સેવાઈ રહી છે. હાલ જે સંજોગો ઊભા થયા છે તેને ધ્યાને લેવામાં આવે તો પ્રશ્નોત્તરી ની ચર્ચા થાય તે અત્યંત જરૂરી છે. ખાસ સામાન્યસભા માટે આઠ તથા નોર્મલ સભામાં ૧૪ દિવસ જરુરી હોય છે. બે-ચાર દિવસ મોડું કરીને પ્રશ્નોત્તરી સામેલ કરવાની જરૂર હતી. હવે ૯મીએ ખાસ સામાન્ય સભા બાદ નવી સભા વ્હેલી રાખવા માટે સૂચન કરાશે.

રાજકોટ મિરર સાથે વાતચીત કરતા જિલ્લા પંચાયતના પ્રમુખ સંજય પીપળીયાએ જણાવ્યું હતું કે મહાનગરપાલિકામાં જે પદ્ધતિથી જનરલ બોર્ડ યોજવાની કામગીરી શરૂ કરવામાં આવી છે તેવી જ રીતે આવનારા દિવસોમાં જિલ્લા પંચાયતમાં આ કામગીરી થાય તે અત્યંત જરૂરી છે કારણ કે ઘણા ખરા પ્રશ્નો ૧૧ તાલુકાઓમાંથી આવતા હોય છે અને ૩૬ બેઠક જિલ્લા પંચાયતની હોવાથી એ તમામ પ્રશ્નોનું ગંભીરતાપૂર્વક ગહન અભ્યાસ કરવામાં આવે તે જરૂરી છે જેના માટે જિલ્લા વિકાસ અધિકારી સાથે એકવાર ચર્ચા વિચારણા કર્યા બાદ હકારાત્મક અભિગમ સાથે નિર્ણય લેવામાં આવશે તેવું પણ પ્રમુખે જણાવ્યું હતું.

# ન્યાયાધીશોના વિરોધમાં વકીલોની હડતાલ

## વકીલ સાથે થયેલી ગેરવર્તણુકના પગલે રોષનો માહોલ




રાજકોટ, તા. ૨૯

નવી કોર્ટમાં બે ન્યાયાધીશોની ગેરવર્તણુકના બદલે વકીલોમાં વિરોધનો સુર જોવા મળ્યો છે. હાલ જે વિગતો મળી રહી છે તે મુજબ બાર એસોસિએશનના હોદ્દેદારો અને ખાસ વકીલોની હાઈકોર્ટના યુનિટ જજ ઈલેશ વોરા સાથે વિડિઓ કોન્ફરન્સના માધ્યમથી બેઠક યોજાઈ હતી. હાલ આ બાબતે પ્રશ્નનો નિવડો ન આવતા બાર એસોસિએશનના ઠરાવ મુજબ વકીલોએ ગઈકાલે કોર્ટ કમ્પાઉન્ડ ખાતે સૂત્રોચાર કરી વિરોધ વ્યક્ત કર્યો હતો અને વકીલો કોર્ટની કાર્યવાહીથી દૂર રહ્યા હતા.

વકિલ હડતાલના કારણે કોર્ટની કાર્યવાહી આગળ વધી ન હતી અને અદાલતમાં ફરજ બજાવતા બે જ્યુડિશિયલ અધિકારીઓ દ્વારા વકીલો સાથે જે ગેરવર્તુળ કરવામાં આવી હતી તેના કારણે વકીલોએ બહિષ્કાર પણ કર્યો હતો અને પગલાં લેવાની માંગ પણ ઉચ્ચારી હતી પરંતુ તેમની માંગ ગ્રાહ્ય રાખવામાં આવી ન હોવાના કારણે સોમવારે બાર એસોસિએશનની આગેવાની હેઠળ પેટા બાર એસોસિએશનઓ દ્વારા પણ કોર્ટ કાર્યવાહી અલિપ્ત રહેવાની ચીમકી બાદ રાજકોટના યુનિટ જજ અને હાઈકોર્ટના જસ્ટિસ ઈલેશ વોરાએ રાજકોટ પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ જજની ચેમ્બરમાં વિડિયો કોન્ફરન્સથી બાર એસોસિએશનના હોદ્દેદારો અને વરિષ્ઠ વકીલો સાથે બેઠક યોજી હતી. જેમાં યુનિટ જજ ઈલેશ વોરાએ વકીલોના પ્રશ્નો અંગે હકારાત્મક વલણ અપનાવ્યું હતું.

વકીલ સૂત્રોના જણાવ્યા અનુસાર આવનારા દિવસોમાં આ અંગે સુખદ નિવારણ આવે તેવા પ્રયત્નોની બાંહેધરી પણ આપી હતી. અત્યારે બાર એસોસિએશન દ્વારા પ્રશ્નોને તાત્કાલિક ધોરણે નિકાલની અપેક્ષા પણ રાખી હતી સાથોસાથ જનરલ બોર્ડમાં નક્કી થયેલ હોવાથી મુખ્ય દરવાજા સામે તમામ કોર્ટના વકીલો દ્વારા કામગીરીનો બહિષ્કાર કરવામાં આવ્યો હતો.

આજે મંગળવારે ફરી જનરલ બોર્ડ બોલાવી અને આગામી રણનીતિ નક્કી કરવામા આવશે તેમ બાર એસોસિએશનના વર્તુળો દ્વારા જાણવા મળેલ છે.આ તકે બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના મેમ્બર દિલીપ પટેલ, બાર એશો.ના પ્રમુખ સુમિત વોરા, સેક્રેટરી નિલેશ પટેલ, કેતન મંડ, યોગેશ ઉદાણી, પરેશ પાદરિયા, નિકુંજ શુક્લ, સ્તવન મહેતા, જ્યેન્દ્ર ગોંડલીયા, રાજેશ મહેતા, પ્રકાશસિંહ ગોહિલ, પરેશ મારુ, કેતન સિંધવા, સુરેશ સાવલીયા, રાજભા ગોહિલ, સમીર ખીરા, કિશન વાલ્વા, ધર્મેન્દ્ર જરીયા, હેમાંગ જાની, વિજય દવે, સંજય ડાંગર, ભાર્ગવ પંડ્યા, હસમુખ સાગઠિયા, ભાવેશ મકવાણા, તુષાર બસલાણી અને બલરામ પંડિત, અમિત ગડારા, અજય પીપળીયા, ભાવેશ બાંભવા સહિતના વકીલો ઉપસ્થિત રહ્યા હતા.

# સૌરાષ્ટ્રમાં પાંચ જુલાઈ સુધી હળવાથી મધ્યમ વરસાદની આગાહી

## ઓરેન્જ એલર્ટ જાહેર : ચોમાસુ સક્રિય છતાં મેઘરાજાના રીસામણા



રાજકોટ, તા. ૨૯

ગુજરાતમાં ચોમાસુ વિધિવત બેસી ગયું છે પરંતુ મેઘરાજાએ હજુ પણ પોતાની અમીદ્રષ્ટિ સૌરાષ્ટ્ર અને ખાસ રાજકોટ ઉપર વરસાવી નથી ત્યારે હાલ લોકોમાં વરસાદ ન થવાના કારણે ચિંતા થઈ રહી છે. આ વચ્ચે હવામાન વિભાગે આગામી સાત દિવસ માટે ભારે વરસાદની આગાહી કરી છે. ગુજરાતમાં ચોમાસું હવે જોર પકડવા જઈ રહ્યું છે. હવામાન વિભાગે આગામી સાત દિવસ દરમિયાન રાજ્યના અનેક વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી કરી છે. ખાસ કરીને દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર માટે ઓરેન્જ વોર્નિંગ જાહેર કરાયું છે. ભારે વરસાદ, તેજ પવન અને વીજળીના કારણે લોકોને તેમજ ખેડૂતોને સાવચેત રહેવા અપીલ કરવામાં આવી છે.

હવામાન વિભાગના અનુમાન મુજબ ૨૯ જૂનથી ૫ જુલાઈ સુધી રાજ્યના અનેક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે. આ સમયગાળા દરમિયાન ગાજવીજ અને વીજળી પડવાની શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી છે. સાથે જ ૪૦થી ૫૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. રાજ્યના વિવિધ જિલ્લાઓમાં વરસાદની ગતિવિધિ ધીમે ધીમે વધવાની સંભાવના છે.

૨ જુલાઈથી ૫ જુલાઈ દરમિયાન દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને હવામાન વિભાગે ઓરેન્જ વોર્નિંગ જાહેર કર્યું છે. તટીય વિસ્તારોમાં ૧૫થી ૨૦ નોટની ઝડપે પવન ફૂંકાવાની તેમજ ૨૫ નોટ સુધીના ઝોકા આવવાની શક્યતા હોવાથી માછીમારો અને સ્થાનિકોને ખાસ સાવચેતી રાખવાની સૂચના આપવામાં આવી છે. રાજ્યમાં અત્યાર સુધી સામાન્ય કરતાં ઓછો વરસાદ નોંધાયો છે, પરંતુ આગામી દિવસોમાં વરસાદનું જોર વધે તેવી શક્યતા છે. હવામાન વિભાગના ડિરેક્ટરે ખેડૂતોને ખેતી સંબંધિત કામગીરી આગાહી મુજબ કરવાની સલાહ આપી છે. ભારે વરસાદ, તેજ પવન અને વીજળી દરમિયાન બિનજરૂરી મુસાફરી ટાળવા તેમજ તટીય વિસ્તારોમાં રહેતા લોકોએ સ્થાનિક તંત્રની સૂચનાઓનું પાલન કરવાની અપીલ કરવામાં આવી છે.

# મનપાના ૧૫ સમિતિઓના ચેરમેનોએ સંભાળી જવાબદારી

## ચાર માસથી અટકેલા કામો ને મળશે વેગ : હવે શિક્ષણ સમિતિ પર દરેકની મીટ





રાજકોટ, તા. ૨૯

મહાનગરપાલિકાની ૧૫ સમિતિઓના ચેરમેનની વરણી કરવામાં આવી તે તમામ ચેરમેનોએ પોતાનો પદભાર ગઈકાલથી જ સંભાળી લીધો છે. તે તમામને નવનિયુક્ત હોદ્દેદારોએ પણ અભિનંદન પાઠવ્યા હતા અને સમિતિઓનો એરીયા શુભેચ્છા વર્ષાથી ધમધમ્યો હતો. હાલ વિવિધ સમિતિઓની કામગીરીને જે પણ પ્રશ્નો અડચણરૂપ હતા તેનું તાકીદે નિવારણ આવશે અને અટકેલા કાર્યો પૂર્ણ થશે. મહાનગરપાલિકા દ્વારા આયોજિત જનરલ બોર્ડમાં ૧૫ પેટા સમિતિના ચેરમેનો, વાઈસ ચેરમેન સહિતના પાંચ-પાંચ સભ્યોની નિમણુંક થઈ જતા આજે મેયર ચેમ્બરમાં તમામ પદાધિકારીઓ એકત્ર થયા હતા અને તે બાદ પોતપોતાની ચેમ્બરમાં ચાર્જ સંભાળ્યો હતો. ચાર મહિના બાદ આ લોબી ધમધમી હતી અને ફુલહાર તથા મીઠાઈ સાથે શુભેચ્છકો ઉમટી પડયા હતા.ધારાસભ્યો ઉદય કાનગડ, રમેશભાઈ ટીલાળા, ડો. નેહલ શુકલ, ભાજપ પ્રમુખ માધવ દવે, મહામંત્રી વલ્લભ દુધાત્રા, સ્ટે.ચેરમેન પરેશ પીપળીયા, શાસક નેતા હિરેન ખીમાણીયા, દંડક સંજયસિંહ રાણા, પૂર્વ મેયર ડો.પ્રદીપ ડવ, પૂર્વ ચેરમેન પુષ્કર પટેલ, સુરેન્દ્રસિંહ વાળા, હાલના અને પૂર્વ ચૂંટાયેલા લોકોએ દરેક ચેમ્બરમાં જઈને નવા પદાધિકારીઓને શુભકામનાઓ આપી હતી. જે સમુહમાં અને સૌની ચેમ્બરમાં જોઈ શકાય છે. ગઈકાલે જે ચેરમેનોએ ચાર્જ લીધો તેમાં બાંધકામ ચેરમેનમાં અશ્વિનભાઈ ભોરણીયા, સેનીટેશનમાં કીર્તિબા રાણા, સમાજ કલ્યાણમાં મનિષભાઈ ભટ્ટ, આરોગ્યમાં ડો. રીંકલ મેઘાણી, રોશનીમાં પરેશભાઈ ઠાકર, વોટર વર્કસમાં જયસુખભાઈ કાથરોટીયા, કાયદો-નિયમનમાં જયરાજસિંહ જાડેજા, માર્કેટમાં મોહિતસિંહ જાડેજા, હાઉસીંગમાં દિલીપભાઈ લુણાગરીયા, ટી.પી.માં અનિલભાઈ ચૌહાણ, ડ્રેનેજમાં કિરણબેન હરસોડા, ઝુ-ગાર્ડનમાં રક્ષીત કલોલા, ફાયર- શીશુ કલ્યાણમાં કેતનભાઈ પટેલ, મા. શિક્ષણમાં સોનલબેન સેલારા, એસ્ટેટમાં કંકુબેન ઉધરેજા સહિતના સભ્યોનો સમાવેશ થાય છે.હાલ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેનની જાહેરાત બાકી છે. જે અંગે ઘણી ખરી ચર્ચાએ જોર પકડ્યું છે ત્યારે પ્રદેશ ભાજપ શું નિર્ણય લેશે તે હવે જોવાનું રહ્યું કારણ કે શિક્ષણ સમિતિ ખૂબ મોટી સમિતિ છે અને બજેટમાં પણ તેનો ભાગ ખૂબ મહત્વનો છે ત્યારે મહત્વની ગણાતી આ સમિતિમાં કયા ચેરમેન ઉપર પસંદગીનો કળશ મુકવામાં આવશે તે અંગે હાલ અનેકવિધ ચર્ચાએ જોર પકડ્યું છે. તો બીજી તરફ મહત્વની બાબતો એ છે કે અનેકવિધ રાજકીય આગેવાનો એને ચૂંટાયેલા સભ્યોએ લોબીંગ શરૂ કરી દીધું છે કે તેઓને શિક્ષણ સમિતિના ચેરમેન તરીકેની જવાબદારી સોંપવામાં આવે પરંતુ અંતિમ નિર્ણય તો પ્રદેશ ભાજપ દ્વારા જ લેવામાં આવશે તેમાં કોઈ શંકા ને સ્થાન નથી.

# વેરા વળતર યોજનાનો આજે છેલ્લો દિવસ

## ૩.૪૧ લાખ મિલકતધારોએ ૨૪૧ કરોડનો ચૂકવ્યો કર

રાજકોટ, તા. ૨૯

મહાનગરપાલિકાની વેરાવળતર યોજનામાં એડવાન્સ વળતર યોજનાનો આજે છેલ્લો દિવસ છે. જેના માટે જે નાગરિકોએ આ યોજનાનો લાભ લીધો ન હોય તેવો આજના દિવસમાં લાભ લઈએ તેવી અપીલ પણ કરવામાં આવી છે. ૭ એપ્રિલ થી શરૂ થયેલી આ યોજનાનો લાભ અનેકવિધ મિલકત ધારકોએ લીધો છે અને મહાનગરપાલિકાને ખૂબ મોટો ફાયદો પણ પહોંચ્યો છે. હાલ જે વિગતો મળી રહી છે તે અન્વયે ૩.૪૧ લાખ કરદાતાઓ પાસેથી ૨૪૧ કરોડની વસુલાત થયેલી છે. જેમાં ઓનલાઇન મારફતે ૧૭૫ કરોડ જ્યારે ૭૪,૦૦૦ મિલકત ધારકોએ ચેક મારફતે પેમેન્ટ કર્યું હતું જે પૈકી ૬૫ કરોડની આવક થઈ હતી. કુલ વેરામાં ૨૬.૯૯ કરોડ જેટલી માતબર રકમનું ડિસ્કાઉન્ટ એડવાન્સ વેરો ભરપાઇ કરનારને આપવામાં આવેલ છે.

આ ડિસ્કાઉન્ટ યોજના હેઠળ તા.૩૦ જૂન સુધી સામાન્ય કરદાતાઓને ૫% ડિસ્કાઉન્ટ અને મહિલાઓ માટે ૧૦% ડિસ્કાઉન્ટનું અપાય છે. જેથી મહાનગરપાલિકાની હદમાં આવેલ તમામ મિલકતધારકોને આ યોજનોનો છેલ્લા દિવસમાં પુરતો લાભ લેવા અનુરોધ કરાયો છે. વેરાવળતર યોજનાનો વધુને વધુ લાભ લોકોએ તે પ્રકારે કામગીરી કરવાનો નિર્ણય વિભાગ દ્વારા લેવામાં આવ્યો છે ત્યારે વધુને વધુ વેરાવળતર યોજનામાં મહાનગરપાલિકાને આવક થાય તે માટે ના પગલાઓ અત્યાર સુધી લેવામાં આવ્યા જેથી વર્ષના અંત સુધીમાં એટલે કે નાણાકીય વર્ષના અંત સુધીમાં જે રિકવરી ઝુંબેશ હાથ ધરવામાં આવતી હોય તે જટિલતાથી ન થાય.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# રોમાંચક કટકીકાંડ

## કાજુકતરીથી વીડિયોગ્રાફીઃ હવે તંત્રની ખુદની ફિલ્મ ઉતરશે



રાજકોટના જંગલેશ્વર વિસ્તારમાં થયેલું ડિમોલીશન ખરેખર ઐતિહાસિક હતું. તંત્રએ જે રીતે ગેરકાયદેસર દબાણો પર બુલડોઝર ફેરવ્યું, તેની ભારે પ્રશંસા થઈ હતી. મીડિયા અને સોશિયલ મીડિયામાં આ કામગીરીને ખૂબ પ્રસિદ્ધિ મળી. હવે આ જ ડિમોલીશનના પડદા પાછળનો અસલી ખેલ બહાર આવ્યો છે. આ ખેલ ખુદ ડિમોલીશન કરતાં પણ વધુ ચર્ચાનો વિષય બન્યો છે.

આ આખી ઘટનામાં પકટકીકાંડથ મુખ્ય કેન્દ્રબિંદુ બન્યો છે. ડિમોલીશન વખતે કાજુકતરી, ખજૂર રોલ જેવા મોંઘા નાસ્તા મંગાવવામાં આવ્યા. ચા-પાણી અને વીડિયોગ્રાફીના નામે લાખો રૂપિયાના બિલો ફાટ્યા છે. આ આંકડા જોઈને સામાન્ય નાગરિકો પણ આશ્ચર્યચકિત થઈ ગયા છે.

છેલ્લા એક સપ્તાહથી મીડિયામાં આ જ લાખો રૂપિયાના બિલોની ચર્ચા ચાલી રહી છે. નાસ્તા અને શૂટિંગના નામે લાખોની કટકી થઈ હોવાનું સ્પષ્ટ અનુમાન છે.

આ ભ્રષ્ટાચારની ગંધ છેક ઉપર સુધી પહોંચી છે. પરિણામે, મેયરે તાત્કાલિક તપાસના આદેશ આપ્યા છે. આ કૌભાંડની સત્યતા ચકાસવા માટે એક ખાસ તપાસ સમિતિની રચના કરવામાં આવી છે. જાણકારોનું માનવું છે કે જો આ સમિતિ કોઈ પણ વગ વગર, તટસ્થ અને ઊંડાણપૂર્વક તપાસ કરશે તો ઘણા મોટા માથાઓના પહાંડલા અભડાશેથ. જે લોકો અત્યાર સુધી ઈમાનદારીનો નકાબ પહેરીને બેઠા હતા, તેમના અસલી ચહેરા ખુલ્લા પડી જશે.

આ કટકીકાંડે રાજકીય અને વહીવટી વર્તુળોમાં ગજબનો રોમાંચ અને સસ્પેન્સ સર્જ્યો છે. લોકો હવે એ જોવા આતુર છે કે કોનું નામ બહાર આવે છે. હાલમાં તંત્રની દરેક સ્તરની કામગીરી શંકાના દાયરામાં આવી ગઈ છે. બીજી તરફ, શાસનની કડક નેતાગીરીનો ફફડાટ પણ અધિકારીઓ અને કર્મચારીઓ પર સ્પષ્ટ દેખાઈ રહ્યો છે.

જે ડિમોલીશનની ફિલ્મ તંત્રએ લોકોને બતાવી હતી, હવે એ જ તંત્રની ખુદની અસલી ફિલ્મ ઉતરી ગઈ છે. આગામી દિવસોમાં આ તપાસ સમિતિ શું રિપોર્ટ આપે છે અને જવાબદારો સામે કેવા પગલાં લેવાય છે, તેના પર સૌની નજર મંડાયેલી છે. તંત્રનો આ અંદરનો ખેલ હવે પ્રજાની સામે સંપૂર્ણપણે ખુલ્લો પડી રહ્યો છે.

# LoC નજીક પાકિસ્તાની પકડાયો

## ૭ દિવસમાં બીજી ઘટના : જમ્મુ - કાશ્મીર પોલીસે પૂંછ જિલ્લાના બાલાકોટમાં નિયંત્રણ રેખા નજીક એક પાકિસ્તાની નાગરિક રઈસ ખાનની ધરપકડ કરી



નવીદિલ્હી, તા. ૨૯

જમ્મુ અને કાશ્મીર પોલીસે પૂંછ જિલ્લાના બાલાકોટ વિસ્તારમાં નિયંત્રણ રેખા (ક્જ્ઞઈ) નજીક એક પાકિસ્તાની નાગરિકની ધરપકડ કરી છે. ઘુસણખોરની ઓળખ ૩૧ વર્ષીય રઈસ ખાન તરીકે થઈ છે, જે પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (ઙ્જ્ઞઊં) ના હવેલી જિલ્લાનો રહેવાસી છે અને મોહમ્મદ યાકુબ ખાનનો પુત્ર છે. રવિવારે બાલાકોટ સેક્ટરમાં પ્રવેશ્યા બાદ સૈનિકોએ તેની ધરપકડ કરી હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર, પ્રારંભિક તપાસ દરમિયાન તેની પાસેથી કોઈ ગુનાહિત સામગ્રી મળી આવી નથી. હાલમાં વિવિધ સુરક્ષા અને ગુપ્તચર એજન્સીઓ દ્વારા તેની પૂછપરછ કરવામાં આવી રહી છે જેથી તેનો હેતુ અને તે આકસ્મિક રીતે કે ઈરાદાપૂર્વક સરહદ પાર કરી ગયો હતો કે કેમ તે નક્કી કરી શકાય. આ અઠવાડિયામાં આ પ્રકારની આ બીજી ઘટના છે. શુક્રવારે, પૂંછના કૃષ્ણા ઘાટી સેક્ટરના ગુલપુર વિસ્તારમાં ઙ્જ્ઞઊં ના અન્ય એક ઘુસણખોરની ધરપકડ કરવામાં આવી હતી. તેની ઓળખ ૨૬ વર્ષીય મોહમ્મદ સજ્જાદ તરીકે થઈ છે.

ક્જ્ઞઈ પાર કર્યા પછી, સૈનિકોએ તેને અટકાવ્યો અને બાદમાં તેને વધુ તપાસ માટે પોલીસને સોંપ્યો. અગાઉ, ૯ જૂને, જાવેદ અલી નામના ૧૪ વર્ષના છોકરાની અટકાયત કરવામાં આવી હતી. ત્યારબાદ એક અઠવાડિયા પછી તેને પાકિસ્તાન મોકલી દેવામાં આવ્યો. પૂંછ સેક્ટરમાં નિયંત્રણ રેખા નજીક બાલાકોટ અને ગુલપુર વિસ્તારોમાં પીઓકેમાંથી વ્યક્તિઓની વારંવાર ધરપકડથી સુરક્ષા એજન્સીઓ સતર્ક થઈ ગઈ છે. પ્રારંભિક તપાસ સૂચવે છે કે આ વ્યક્તિઓ અજાણતા સરહદ પાર કરી ગયા હશે, પરંતુ જાસૂસી અથવા નિયંત્રણ રેખાની નબળાઈ ચકાસવાના પ્રયાસો સહિતની તમામ શક્યતાઓની તપાસ કરવામાં આવી રહી છે.

એક વરિષ્ઠ સુરક્ષા અધિકારીએ જણાવ્યું હતું કે નિયંત્રણ રેખા પર કડક દેખરેખ રાખવાથી આ કિસ્સાઓમાં વ્યક્તિઓને ઝડપથી શોધી કાઢવા અને અટકાવવાનું શક્ય બન્યું છે, જેનાથી કોઈપણ સંભવિત સુરક્ષા ભંગને અટકાવી શકાય છે. જમ્મુ અને કાશ્મીર પોલીસે પૂંછ જિલ્લાના બાલાકોટમાં નિયંત્રણ રેખા નજીક પાકિસ્તાની નાગરિક રઈસ ખાનની ધરપકડ કરી છે. આ અઠવાડિયામાં આ પ્રકારની આ બીજી ઘટના છે. શુક્રવારે અગાઉ, પીઓકેના મોહમ્મદ સજ્જાદની પણ ધરપકડ કરવામાં આવી હતી. સુરક્ષા એજન્સીઓ સરહદ પાર કરવાનો હેતુ નક્કી કરવા માટે બંને વ્યક્તિઓની પૂછપરછ કરી રહી છે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, રવિવારે સવારે નુંદપુર ગામ નજીક ડ્રોન જોવા મળ્યા બાદ બીએસએફ, સેના અને પોલીસે સંયુક્ત સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. સુરક્ષા એજન્સીઓને શંકા છે કે ડ્રોનમાંથી શસ્ત્રો અથવા માદક દ્રવ્યો ફેંકાયા હશે. જોકે, શોધ કામગીરી દરમિયાન કોઈ શંકાસ્પદ સામગ્રી મળી આવી નથી. ગયા મહિને, ભારતીય સેનાએ પાકિસ્તાન અધિકૃત જમ્મુ અને કાશ્મીર (ઙ્જ્ઞઉંઊં) ના એક યુવકની ધરપકડ કરી હતી જે જમ્મુ અને કાશ્મીરના ઉરી સેક્ટરમાં નિયંત્રણ રેખા (ક્જ્ઞઈ) પાર કરીને ભારતમાં ઘૂસી ગયો હતો. ધરપકડ કરાયેલ યુવકની ઓળખ પાકિસ્તાન અધિકૃત કાશ્મીરના મુઝફ્ફરાબાદના રહેવાસી ઝીશાન અહેમદ મીર તરીકે થઈ હતી.સેનાના જણાવ્યા અનુસાર, ચિનાર વોરિયર્સે તેને નિયંત્રણ રેખા પાર કરતી વખતે પકડી લીધો હતો અને બાદમાં તેને આગળની કાર્યવાહી માટે જમ્મુ અને કાશ્મીર પોલીસને સોંપી દીધો હતો. ઝીશાન તેની પ્રેમિકા, ઉરી વિસ્તારના ટીલાવાડી ગામની રહેવાસી ઈરમ બાનોને મળવા માટે ભારતીય બાજુ આવ્યો હતો. ગુપ્ત માહિતીના આધારે, સેનાની ૧૨ ગ્રેનેડિયર્સ ટીમે સિલિકોટ વિસ્તાર નજીક બંનેની અટકાયત કરી હતી.

# વેનેઝુએલામાં ભૂકંપે તબાહી મચાવી

## ભારતે મદદ માટે ઓપરેશન એમિસ્ટાડ શરૂ કર્યું, જયશંકરે શું કહ્યું?



નવીદિલ્હી, તા. ૨૯

વેનેઝુએલામાં તાજેતરમાં આવેલા શક્તિશાળી ભૂકંપે ભારે વિનાશ સર્જ્યો છે. મોટી ઈમારતો કાટમાળમાં ફેરવાઈ ગઈ છે. એક હજારથી વધુ લોકો મૃત્યુ પામ્યા છે. વધુમાં, ઘણા ગુમ છે અને તેમની શોધ ચાલી રહી છે. ભારત સહિત ઘણા દેશો આ કટોકટીના સમયમાં વેનેઝુએલાને મદદ કરવા આગળ આવ્યા છે. ભારતે ઓપરેશન એમિસ્ટાડ દ્વારા નોંધપાત્ર પ્રમાણમાં રાહત સામગ્રી પહોંચાડી છે. અહેવાલો અનુસાર, ઓપરેશન એમિસ્ટાડ હેઠળ બચાવ કાર્યકરો અને તબીબી વ્યાવસાયિકોની બનેલી ૪૧ સભ્યોની ટીમ વેનેઝુએલામાં તૈનાત કરવામાં આવી છે. આ ટીમે વેનેઝુએલામાં એક ફિલ્ડ હોસ્પિટલ યુનિટની સ્થાપના કરી છે અને તબીબી સહાય પૂરી પાડી રહી છે. આ ટીમ અસરગ્રસ્ત વિસ્તારોમાં શોધ અને બચાવ કામગીરી, કટોકટી તબીબી સહાય અને માનવતાવાદી રાહત હાથ ધરવા માટે વેનેઝુએલાના અધિકારીઓ સાથે નજીકથી કામ કરશે.

વિદેશ પ્રધાન એસ. જયશંકરે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરી હતી જેમાં જણાવ્યું હતું કે ઓપરેશન એમિસ્ટાડ હેઠળ ભૂકંપગ્રસ્ત વેનેઝુએલામાં મોકલવામાં આવેલી રાહત સામગ્રી, તબીબી સાધનો અને ફિલ્ડ હોસ્પિટલ યુનિટ પહોંચી ગયું છે. તેમણે જણાવ્યું હતું કે આશા છે કે ફિલ્ડ હોસ્પિટલ યુનિટ, રાહત પુરવઠો, દવાઓ અને તબીબી સાધનો દેશમાં ભૂકંપ પછીના રાહત પ્રયાસોને મજબૂત બનાવશે. તેમણે કેટલાક ફોટોગ્રાફ્સ પણ શેર કર્યા. ભારતીય વાયુસેનાએ સોશિયલ મીડિયા પર એક પોસ્ટ પણ શેર કરી હતી, જેમાં ઓપરેશન એમિસ્ટાડ વિશે માહિતી આપવામાં આવી હતી. સૈન્યએ જણાવ્યું હતું કે, નસ્ત્રઝડપ, પહોંચ અને કરુણા સાથે કામ કરતા, ભારતીય વાયુસેનાના બે ઈ-૧૭ ગ્લોબમાસ્ટર વિમાનોએ દિલ્હીથી કારાકાસ સુધી ૧૪,૦૦૦ કિલોમીટરથી વધુનું અંતર કાપીને વેનેઝુએલા સુધીની ૨૩ કલાકની મુશ્કેલ ઉડાન પૂર્ણ કરી.સ્ત્રસ્ત્ર

ઈઅન્નૃ એ જણાવ્યું હતું કે વિમાન ૬૬ ટન માનવતાવાદી સહાય લઈને કારાકાસના મૈક્વેટિયા આંતરરાષ્ટ્રીય હવાઈમથક પર ઉતર્યું હતું. તેમાં કહેવામાં આવ્યું હતું કે સહાયમાં ભારતીય સેનાની ફિલ્ડ હોસ્પિટલ, ૩૫ ટનથી વધુ રાહત પુરવઠો, દવાઓ, તબીબી સાધનો અને બે ભીષ્મ ક્યુબ્સનો સમાવેશ થાય છે. તેમાં કહેવામાં આવ્યું હતું કે આ જરૂરિયાત સમયે વિવિધ ખંડોમાં આશા લાવવાની ભારતની ક્ષમતા દર્શાવે છે. ભારતે ભૂકંપગ્રસ્ત વેનેઝુએલાને માનવતાવાદી સહાય પૂરી પાડવા માટે ઓપરેશન એમિસ્ટાડ શરૂ કર્યું છે. આના ભાગ રૂપે, રાહત પુરવઠો લઈને બે વાયુસેના ઈ-૧૭ ગ્લોબમાસ્ટર વિમાન અને ૪૧ સભ્યોની બચાવ ટીમ શુક્રવારે ચાલુ રાહત અને બચાવ કામગીરીમાં મદદ કરવા માટે રવાના થઈ હતી. વિદેશ મંત્રાલયે ૨૬ જૂને જણાવ્યું હતું કે, નસ્ત્રઆ મુશ્કેલ સમયમાં ભારત વેનેઝુએલાની સરકાર અને લોકો સાથે ખભા મિલાવીને ઉભું છે.

# બેંક કર્મચારીઓની મિલીભગત

## આરોપી માટે બે માળનું ઘર ત્રણ મહિનામાં પૂર્ણ થયું : ચોરી કેસમાં ચોંકાવનારા ખુલાસા



નવીદિલ્હી, તા.૨૯

તપાસમાં ખુલાસો થયો છે કે ગણતરી દરમિયાન આરોપીઓ કેમેરાની સામે તેમના સહયોગીઓનું વર્તુળ બનાવીને રોકડ ઉપાડતા હતા. જો રકમ સ્થળ પર ઉપાડી ન શકાય, તો ગણતરી રજિસ્ટરમાં રકમ ચારથી પાંચ લાખ રૂપિયા ઓછી નોંધાઈ હતી અને બેંકમાં જમા કરાવતી વખતે તે જ રકમ પાછળથી ઉપાડી લેવામાં આવી હતી. આ સમગ્ર પ્રક્રિયામાં બેંક કર્મચારીઓની ભૂમિકા મહત્વપૂર્ણ હોવાનું કહેવાય છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, તપાસ એજન્સીઓ એક વરિષ્ઠ બેંક અધિકારીની ભૂમિકાની પણ તપાસ કરી રહી છે. અધિકારીઓ માને છે કે દેખરેખ માટે જવાબદાર કર્મચારીઓની જાણકારી અને સહયોગ વિના આટલા લાંબા સમય સુધી દાનની આટલી સંગઠિત હેરાફેરી શક્ય ન હોત. પરિણામે, આગામી દિવસોમાં આ કેસમાં વધુ ધરપકડ થવાની સંભાવના છે. અયોધ્યા પોલીસે જીઈઈ બેંક પર દરોડો પાડ્યો અને તેના કર્મચારીઓની પૂછપરછ કરી. તપાસ અધિકારી, સર્કલ ઓફિસર અયોધ્યાની આગેવાની હેઠળની પોલીસ ટીમે દરોડો પાડ્યો. બેંક કર્મચારીઓ ગગનદીપ અને રત્નેશને નોટિસ ફટકારવામાં આવી છે. જીઈઈ મંદિરના દાનપેટીમાં નોટો ગણવા અને એકત્રિત કરવા માટે જવાબદાર હતી. દરમિયાન, કથિત દાન ગેરરીતિ કેસમાં એક નવો વિકાસ સામે આવ્યો છે. તપાસકર્તાઓ આરોપી લવકુશ મિશ્રાના નવા બનેલા બે માળના ઘરની તપાસ કરી રહ્યા છે. સ્થાનિકોના મતે, અયોધ્યાના શહાદતગંજ વિસ્તારમાં આવેલું આ ઘર ખૂબ જ ઝડપથી બનાવવામાં આવ્યું હતું અને લગભગ ત્રણથી ચાર મહિનામાં પૂર્ણ થઈ ગયું હતું.

જીઈઝની પ્રાથમિક તપાસમાં બે બેંક કર્મચારીઓની ભૂમિકા બહાર આવી છે. પોલીસને મજબૂત પુરાવા મળ્યા છે. બંનેની ટૂંક સમયમાં ધરપકડ થવાની અપેક્ષા છે. તપાસમાં જાણવા મળ્યું છે કે આરોપીઓ ગણતરી પ્રક્રિયા દરમિયાન પહેલા કેમેરા સામે એક વર્તુળ બનાવતા હતા અને પછી રોકડ ઉપાડતા હતા. સૂત્રોનો દાવો છે કે આ કથિત છેતરપિંડીમાં ફક્ત સેવા કર્મચારીઓ જ નહીં પરંતુ કેટલાક બેંક કર્મચારીઓ પણ સામેલ હોઈ શકે છે. જોકે, તપાસ એજન્સીઓ દ્વારા હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પહેલાથી જ સ્પષ્ટ કરી દીધું છે કે તપાસ સંપૂર્ણ પારદર્શિતા સાથે કરવામાં આવશે અને જે કોઈ દોષિત જણાશે તેની સામે કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

શબ્દ બ્રહ્મ

### સદગુરૂ કૃપા હી કેવલમ્...

# માનસ રત્નાવલી (ભાગ ૮)

## જગતની પ્રત્યેક નારી રત્ન છે, પરંતુ મા રત્નાવલી રત્નોની માળા છે!



માનસ રત્નાવલીનાં આઠમાં દિવસની કથાની શરૂઆત ઋગ્વેદના પ્રથમ મંત્રથી કરી, અને એમાં રત્ન શબ્દનો પ્રયોગ છે. આચાર્યોએ અને ભાષ્યકારોએ મંત્રનું અનેક પ્રકારે ભાષ્ય કર્યું છે, પરંતુ એનો સર્વ સામાન્ય અર્થ એ છે કે, રત્ન યજ્ઞના અગ્નિમાંથી પ્રાપ્ત થાય છે, અને એ રીતે રત્નનો તેજ તત્ત્વ સાથે, પ્રકાશ ઉર્જા તત્વ સાથે સંબંધ છે. આ ઉપરાંત રત્નોની ઉત્પત્તિ વિશે વાત કરતાં કહ્યું કે કોઈ રત્ન પ્રાણીનાં શરીરમાંથી પ્રાપ્ત થાય, એને પ્રાણીજ કહેવાય, ગજ નામનાં હાથી માંથી રત્ન પ્રાપ્ત થયું હતું. જમીનમાંથી પ્રાપ્ત થાય એને ખનીજ કહેવાય, પાણીમાંથી મળે એ વારિજ. રત્નો ઘણા પ્રકારનાં હોય છે, પરંતુ રત્નાવલી વિશે આપણને ગાન કરવાનો અવસર મળ્યો છે તો, રત્નાવલીજી રત્નોની હાર માળા છે. નવ રત્નોમાં, પોખરાજ, નીલમ, હીરા, માણેક, મોતી, એમ એનો વિસ્તાર મોટો છે.

ભગવાન રામ રત્ન છે રઘુવંશમણી, એ રત્ન યજ્ઞ કુંડ માંથી પ્રાપ્ત થયું છે. પૃથ્વીમાંથી જે રત્ન મળ્યું એ છે માં જાનકી. જળ માંથી જે રત્ન નીકળ્યું એ ભગવતી લક્ષ્મી. દ્વાપરયુગમાં અગ્નિકુંજ માંથી એક રત્ન નીકળ્યું, એનું નામ છે દ્રૌપદી. બુદ્ધ પરંપરામાં પણ રત્નનો મહિમા છે, પ્રથમ રત્ન, બુદ્ધ શરણં ગચ્છામિ. બીજું રત્ન છે, ધર્મ, જેને બોધની બોલીમાં ધમ્મ શરણં ગચ્છામિ. સંઘં શરણં ગચ્છામિ.

જૈન પરંપરામાં પણ રત્નોની વાત આવે છે એ લોકો રત્નત્રૈયી શબ્દનો ઉપયોગ કરે છે. સમ્યક દર્શન ને રત્ન કહેવામાં આવે છે. યથા યોગ્ય દર્શનને પણ રત્ન માનવામાં આવ્યું છે. સમ્યક જ્ઞાન, સમ્યક સમજ, અને ને સમ્યક ચરિત્ર એ ત્રણ જૈન પરંપરામાં રત્ન મનાય છે. ચાણક્ય એ પણ પોતાની રચનાઓમાં રત્નની ચર્ચા કરી છે, તો વેદોથી લઈને રત્નોની આખી પરંપરા છે. રામચરિત માનસમાં નવરત્નોની વાત આવે છે, અને એટલા માટે માનસ રત્નાવલી એ રત્નની માળા છે, અને દરેક નારી રત્ન છે.

એક પ્રશ્ન આવ્યો છે કે, રામ કથામાં વારંવાર સાધનાની સૂક્ષ્મ અવસ્થાની વાત આપ કરો છો, તો સ્થૂળતા અને સૂક્ષ્મતાનો શું અર્થ છે?; એક જ ચેતનાની બે અવસ્થાઓ કઈ રીતે ભિન્ન હોઈ શકે?(૧) કહહુ ભગતિ પથ કવન પ્રયાસા, (૨) રઘુપતિ ભક્તિ કરત કઠિનાઈ. પહેલા તો સાધનાની સ્થૂળતાને જોવી પડશે, સીધા આપણે સૂક્ષ્મમાં નથી જઈ શકતાં, સૂક્ષ્મનો પરિચય પણ સ્થૂળમાંથી જ થાય છે.

ભક્તિની સુક્ષ્મતાને કે સાધનાની સૂક્ષ્મતાને પકડવા માટે કેટલીક વસ્તુને હટાવવી પડે છે નવ પ્રકારનાં આશ્રયોને છોડવા પડે ત્યારે સૂક્ષ્મતાની પ્રાપ્તિ થાય છે (૧) ધનાશ્રય છૂટે, એટલે ધનવાનો એ ધન છોડી દેવું એવી વાત નથી, પરંતુ ધનવાન કૃપણ ન બને, અને ધનનો અહંકાર ન આવે. આપણા ધન દ્વારા બીજાની સાથે છળ કપટ ન કરીએ. (૨) ધર્માશ્રય પણ છોડવો પડે, આ સમજવું કઠિન છે, કૃષ્ણએ કહ્યું છે સ્વધર્મે નિધનં શ્રેયઃ પરધર્મો ભયાવહ, એટલે કે સ્વધર્મ છોડવો જોઈએ નહીં, પરંતુ આપણી ગતિ સ્થૂળ છે ત્યાં સુધી ધર્મના આશ્રયમાં રહેવું, પરંતુ સૂક્ષ્મતાની માંગણી હશે, તો ધર્મ છોડવો પડશે કારણ કે અંતે તો કૃષ્ણ પણ અર્જુનને સૂક્ષ્મતામાં લઈ જાય છે, ત્યારે એમ જ કહે છે કે, સર્વ ધર્માન પરિત્યજ્ય મામેકમ શરણં વ્રજ. વ્યાસપીઠની ધર્મની વ્યાખ્યા સત્ય, પ્રેમ, અને કરુણા છે એને છોડવાની અહીં વાત નથી, પરંતુ સંપ્રદાયરૂપી ધર્મ છોડવાની વાત છે. મારો ધર્મ મહાન, મારો ધર્મ મોટો, તારો નાનો, એ યુદ્ધનું કારણ બને છે, એવા ધર્મોને છોડવાના છે. (૩) જનાશ્રય છોડવો પડે, એટલે કે મારી પાસે આટલા શિષ્યો, આટલા ફોલોવર્સ, મને લાઈક કરનારા, આટલા માણસો મને સાંભળે! એ રીતે જનાશ્રય છોડવાનો છે. (૪) જડાશ્રય છોડવો પડશે, સાધક બન્યા પછી આમ તો કરવું જ જોઈએ, એવી ઘણી પ્રકારની જડતા આપણામાં આવી જાય છે, એને છોડી ચેતનાનો આશરો કરવો. જડ ચેતનહિ ગ્રંથિ પરિ ગઈ! (૫) દેવાશ્રય છોડવો પડશે. એટલે ઓર દેવતા ચિત્ત ન ધરઈ, હનુમંત સેઈ સર્વ સુખ કરઈ. જેમ મીરાં એ કહી દીધું નસ્ત્રમેરે તો ગિરધર ગોપાલ દુસરો ન કોઈસ્ત્રસ્ત્ર જાકે સિર મોર મુકુટ મેરે પતિ સોઈ, એટલે કે પરમ ઈષ્ટને આશ્રયે રહેવું. (૬) જ્ઞાનાશ્રય પણ છોડવો પડશે. જ્ઞાનથી જ મુક્તિ મળે! પણ ગ્રંથ ગરબડ કરી એમ થોડી માહિતી એકઠી થાય, એટલે જ્ઞાનને નામે અહમ વધે! એટલે. ( ૭) સુખ દુઃખનું દ્વન્દ્વ છૂટવું જરૂરી છે. કેટલાંક લોકો સુખનો આસાનીથી સ્વીકાર કરી લે, પણ જરાક દુઃખ આવે એટલે ઈશ્વરને ફરિયાદ કરે છે. મા કુંતા તો વિપત્તિ માંગે છે, અને કહે છે કે કૃષ્ણ અનુસંધાન બની રહે! પણ સુખ દુઃખ બંનેનો સહજ સ્વીકાર કરી શકે, એ સુક્ષમતામાં પ્રવેશ કરશે. (૮) શબ્દાશ્રય છોડી શૂન્યાશ્રય કરવો પડશે. પ્રશ્નોનાં જવાબ આપવામાં (૯) છૂટી ગયું હશે.

ગુરુભક્તિ કેવી રીતે કરીએ એ પ્રશ્નનાં જવાબમાં કહ્યું કે માનસમાં કહ્યું છે, આજ્ઞા સમ ના સુસાહિબ સેવા. ગુરુએ જે આજ્ઞા આપી છે એને અનુસરવાનું! એ જ ગુરુભક્તિ છે. શું ગુરુની માનસિક સેવા પર્યાપ્ત છે? શ્રીમન વલ્લભાચાર્ય એ પણ માનસિક પૂજાની વાત પર બહુ ભાર મૂક્યો છે. જ્યારે શાંકર સ્તોત્રમાં તો માનસ પૂજાનું આખું એક સ્તોત્ર છે. રત્ન કલપિતમાસનં હિમજલે સ્નાનં ચ દિવ્યાંમ્બરં.

ભગવાન રામ સુખ દુઃખમાં સમ કંઈ રીતે રહી શક્યાં, એનું દ્રષ્ટાંત અયોધ્યાકાંડના આરંભમાં થાય છે. આગલે દિવસે ભગવાન રામના રાજ્યાભિષેકની ઘોષણા થઈ, પરંતુ રામના ચહેરા પર અતિ પ્રસન્નતાનો ભાવ આવ્યો નહીં, અને બીજે દિવસે રામને વનવાસ થયો છે, એ વાત થઈ, તો એમને ગ્લાનિ પણ થઈ નહીં, એટલે કે એ બંને સ્થિતિમાં સમ રહ્યાં, અને આવા રામભદ્રની વંદના કરીએ છીએ, એમણે શીખવેલ સ્થિતિમાંથી સાધક પસાર થાય ત્યારે સુખ દુઃખમાં સમ રહી શકે.

રાજા દશરથને અરીસામાં પોતાનો મુગટ ત્રાસો દેખાયો, અને રાજગાદી રામને સોંપવાનો વિચાર આવ્યો! આ બતાવે છે કે ચારે બાજુથી જય જય કાર થતો હોય, સર્વ શક્તિમાન હોઈએ, છતાં ઉંમર થતાં અરીસામાં જોઈ લેવું, એટલે કે આત્મદર્શન કરી અને પદ છોડવાના નિર્ણયો લેવા. કૈકેયીના વચનોથી રામને વનવાસ, અને ભરતને રાજગાદી! રામ, લક્ષ્મણ, જાનકી, ચૌદ વર્ષના વનવાસ માટે નીકળે છે, તમસાના તટ પર પ્રથમ રાત્રે મુકામ કર્યા, પછી ભગવાન રામ સૌને છોડીને સુમંત સાથે રથમાં નીકળી જાય છે, શૃગવેર પૂરથી સુમંતને પણ પાછાં મોકલે છે. સુમંત પાછા અયોધ્યા આવે છે, દશરથજી પાસે જાય છે, રામ પાછા નથી આવ્યા, તપસ્વી શ્રાવણ કુમારના શ્રાપનું સ્મરણ થયું, અને મહારાજ છ વાર રામ મંત્રનું ઉચ્ચારણ કરીને મૃત્યુનું ફળ પ્રાપ્ત કરી શ્રીધામ ચાલ્યા ગયાં. ચિત્રકૂટમાં રામ ભરત મિલાપ થાય છે, અને રામની પાદુકા લઈ ભરત પાછા ફરે છે, પછી અરણ્ય કાંડમાં શૃંગાર નું વર્ણન છે ભગવાન રામ સીતા સાથે બેઠા છે અને ઈન્દ્ર પુત્ર જયંત ની ચેષ્ઠા નો પ્રસંગ પછી ચિત્રકૂટ છોડ્યું. કિષ્કિંધા કાંડમાં હનુમાનજીનું આગમન, રામ અને સુગ્રીવ ની મૈત્રી. સુંદરકાંડમાં શ્રી હનુમાનજી મહારાજ સીતાજીની શોધ કરી પાછા આવ્યા, અને રામ સેનાએ સેતુબંધનું નિર્માણ કર્યું, ત્યાં સુધીની કથા કરી આઠમા દિવસની કથા અને વિરામ આપ્યો.

**લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)**

આઠ દિવસની રાત દિવસ જોયા વગરની મહેનત સફળ થઈઃ નિર્લીપ્ત રાયએ વિગતો જણાવી

# સાત-આઠ લાખની આશા હતી પણ મળ્યા અઢી કરોડ!

## શાપર વેરાવળની લૂંટમાં એમપીની શાતીર ગેંગના ત્રણ પકડાયાઃ પોણા કરોડનો મુદ્દામાલ કબ્જે થયોઃ હજુ ત્રણ લૂંટારાને શોધવાની કવાયત યથાવત









**રેકી બાદ અગાઉથી ત્રણ બાઈક ચોરીને રાખી દીધા હતાંઃ બોલેરો લઈ લૂંટ કરવા આવ્યાથતાઃ બાઈક રેઢા મુકી બોલેરોમાં ભાગ્યા હતાંઃ દાહોદ તરફ જઈ ટકાવારી મુજબ માલનો ભાગ પાડ્યો હતોઃ લૂંટમાં સામેલ હોય તેને વધુ, રેકી કરનાર, બોલેરો લઈ આવનારને ઓછા રૂપિયા અપાયા હતાં**

રાજકોટ,તા.૨૯

રાજયભરમાં ચકચારી બની ગયેલી અને રાજકોટ જીલ્લા પોલીસ માટે પડકારરૂપ બની ગયેલી શાપર વેરાવળમાં થયેલી અઢી કરોડની લૂંટનો અંતે ભેદ ખુલ્યો છે. રાજકોટ જીલ્લા પોલીસની ટીમે મધ્યપ્રદેશની ખુંખાર લૂંટારૂ ટોળકીના ત્રણ શખસોને પકડી લઈ ૭૬,૮૬,૨૭૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. રેકી કર્યા બાદ આ ટોળકીએ લૂંટને અંજામ આપ્યો હતો. જો કે ટોળકીને રેકી કર્યા પછી એવી આશા હતી કે આ લૂંટથી સાત-આઠ લાખ રૂપિયા આરામથી મળી જશે. પરંતુ જેકપોટ લાગ્યો હોય તેમ અઢી કરોડનો માલ મળી ગયો હતો. સુત્રધાર સહિત ત્રણ હાથમાં આવી ગયા છે. પણ લૂંટનો મોટા ભાગનો માલ લઈ અન્ય એક શખ્સ તથા બે સાગ્રીત ભાગી ગયા હોઈ તેની શોધખોળ ચાલુ રાખવામાં આવશે.

વિગતો પર નજર કરીએ તો શાપર-વેરાવળમાં ગત વીસમી જૂનના રોજ ગીરાસદાર વૃદ્ધના ઘરમાં ઘુસીને અજાણ્યા બુકાનીધારીઓ દ્વારા કરવામાં આવેલી રૂપિયા અઢી કરોડની સનસનાટીભરી ધાડ અને લૂંટના ગુન્હાનો રાજકોટ રૂરલ પોલીસે આઠ દિવસમાં ભેદ ઉકેલી લૂંટમાં સામેલ એક શખ્સ સહિત ૩ શખ્સોને ૭૬.૮૬ લાખના મુદામાલ સાથે ઝડપી લીધા છે. જયારે બે મુખ્ય કાવત્રાખોર સહિત પાંચની શોધખોળ હાથ ધરાઈ છે. રાજકોટ જીલ્લાની સૌથી મોટી લુંટ અને ધાડની રેકી કરી અંજામ અપાયો હોવાનું ખુલ્યું હતું. આ અંગે રૂરલ એસપી કચેરી ખાતે યોજાયેલ પત્રકાર પરીષદમાં રેન્જ આઈજી નિર્લિપ્ત રાય તથા રૂરલ એસપી વિજયસિંહ ગુર્જરે માહીતી આપતા જણાવ્યું હતું કે ઓગણસીમીની રાત્રીના દોઢેક વાગ્યાના અરસામાં અજાણ્યા બુકાનીધારી માણસો ત્રાટકયા હતાં. શાપર-વેરાવળ પાલીસ સ્ટેશન વિસ્તારમાં શાપર મેઈન રોડ ઉપર રહેતા ફરીયાદી જીતેન્દ્રસિંહ અજીતસિંહ જાડેજા ઉ.વ.૭૭ રહે.શાપર વેરાવળના ઘરનો દરવાજો તોડી લોખંડના પાઈપો સાથે ઘરમા પ્રવેશ કરી ફરીયાદીને બંધક બનાવી માર મારી ઈજા કરી રૂમમાં પ્રવેશ કરી રૂમમાં રહેલ કબાટમાં રાખેલ રોકડા ,૪૭,૦૦,૦૦૦ તથા સોનાના દાગીના કિંમત રૂ. ૨,૦૦,૦૦૦ તથા લાયસન્સ વાળી બંદુક નંગ-૧ કિંમત રૂ.૧૦,૦૦૦ તથા મોબાઈલ ફોન નંગ-૧ કિંમત રૂ.૧૦૦૦ મળી કુલ રૂ. ૨,૪૯,૧૧,૦૦૦ની ધાડ પાડી ગુનો આચરેલ હોય જે અન્વયે શાપર-વેરાવળ પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધાયેલ હતો.

તેમજ આરોપીઓએ આ ધાડ પાડયા બાદ ભાગવા માટે શાપર ગામ માંથી ત્રણ મોટર સાયકલ ચોરેલ જે અંગે શાપર-વેરાવળ પોલીસમાં અલગથી ગુન્હો રજીસ્ટર કરવામાં આવેલ હતો. લૂંટની આ ઘટનામાં રૂરલ એસપી વિજયસિંહ ગુર્જરના માર્ગદર્શન હેઠળ અલગ અલગ ૨૦ ટીમોએ તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. એ દરમિયાન ટેકનીકલ ડેટા તથા હ્યુમન ઈન્ટેલીજન્સની મદદથી માહિતી મળેલ કે આ ગુન્હલ આચરનાર આરોપીઓ પૈકી ત્રણ આરોપી (૧) બનસીંગ ઉર્ફે બન્ના હેમરાજ શીંગાડ (રહે. તેજારીયા ગામ, તા.જી. જાંબુવા, એમ.પી.) (૨) સેતાન દિવાનભાઈ અમલીયાર તથા (૩) દિનેશ સેતાનભાઈ પરમાર (રહે. નીમચ ગામ, ઉચવાસ ફળીયુ, તા. ગરબાડા, જી.દાહોદ)ને આ ગુન્હામાં ઉપયોગ કરેલ બોલેરો ફોર વ્હીલ ગાડી સાથે મધ્યપ્રદેશ બોર્ડરથી ગુજરાત બોર્ડરમાં પ્રવેશ કરનાર હોવાની માહિતી મળી હતી. તેના આધારે તપાસમાં રોકાયેલ રાજકોટ ગ્રામ્ય એલ.સી.બી.ના પો.સ.ઈ. કે.એમ.ચાવડા, એચ.સી.ગોહીલ, પી.એન. ભરવાડ તથા લીવ રીઝર્વ પો.સ.ઈ. એ.બી. જાડેજા દ્વારા દાહોદ જિલ્લાના કતવારા પો. સ્ટે. વિસ્તારમા ખંગેલા ચેકપોસ્ટ પર નાકાબંધી કરી ઝડપી લેવાયા હતા. પકડાયેલ ઉકત ત્રણ પૈકી બનસીંગ ઉર્ફે બન્ના લુંટમાં સામેલ હતો. જયારે તેની સાથેના શેતાન અને દિનેશ લુંટ કરવા માટે બોલેરો લઈ આવ્યા હતા. આ લુંટારૂ ટોળકીના મુખ્ય સુત્રધાર કલમસીંગ ઉર્ફે કમલસીંગ માવજીયા શીંગાડ તથા કરણસીંગ ઉર્ફે મળીયા હેમરાજ શીંગાડ(રહે. તેજારીયા, તા.જી. જાંબુવા, એમપી) છે. આ બંનેએ પકડાયેલ ઉકત ત્રણેય શખ્સો ઉપરાંત મહોબત તથા સુલસુલા બામણીયા (રહે. બંન્ને છેરાદ, તાલ.ડાંટા, જી.ધાર, મધ્યપ્રદેશ) અને વિઝન માવી નામના શખ્સ સાથે મળી લુંટનું કાવત્રુ રચી અંજામ આપ્યો હતો. રેન્જ આઈજી નિર્લિપ્ત રાયએ વિશેષ માહીતી આપતા જણાવ્યું હતું કે આ લુંટ અને કાવત્રામાં કુલ ૮ શખ્સો સામેલ હતા. લુંટ કરવા આવનાર ૬ શખ્સો લુંટ કર્યા બાદ ભાગ પાડી છુટા પડી ગયા હતા. પકડાયેલ ત્રણ આરોપીઓના ભાગમાં ૪૧ લાખ અને ૨૧ લાખના દાગીના ભાગમાં આવતા તે કબ્જે કરાયા છે. જો કે પોલીસ ફરીયાદમાં ૩ થી ૪ લાખના દાગીનાની લુંટ થયાનું જાહેર કરાયું છે. પરંતુ આરોપીઓ પાસેથી ૨૧ લાખના દાગીના મળી આવતા તે કબ્જે કરાયા છે અને આ દાગીના જીતેન્દ્રસિંહના ઘરેથી લુંટયા હોવાની કબુલાત આપી છે. લુંટ કરવા આવેલ ૬ શખ્સો બોલેરામાં આવ્યા હતા અને અગાઉથી જ ત્રણ ચોરાઉ બાઈક રાખ્યા હોય તેમાં લુંટ કરી ભાગી ગયા હતા. ત્યાર બાદ ત્રણે ચોરાઉ બાઈક રેઢા મુકી વાંકાનેર બાઉન્ટ્રી પાસે અગાઉથી જ ઉભેલ બોલેરોમાં પંચમહાલ અને દાહોદ તરફ ભાગી ગયા હતા. લુંટ અને કાવત્રામાં સામેલ તમામ શખ્સોએ ટકાવારી પ્રમાણે ભાગ પાડયો હતો. લુંટમાં સામેલ શખ્સોને વધુ અને રેકી કરનાર તથા બોલેરો લઈ આવનાર બે શખ્સોને ઓછા રૂપીયા ભાગમાં આવ્યા હતા. હાલમાં પોલીસે પકડાયેલા આરોપીઓની સઘન પૂછપરછ શરૂ કરી છે, જેમાં અનેક મોટા ખુલાસા થવાની શક્યતા છે. આ ગેંગના અન્ય પાંચ સાગરીતો જેઓ હજુ ફરાર છે, તેમને પકડી પાડવા માટે રાજકોટ ગ્રામ્ય પોલીસની વિવિધ ટીમો મધ્યપ્રદેશ અને અન્ય રાજ્યોમાં તપાસ યથાવત રાખી છે. અઢી કરોડની લૂંટમાં લુટારૂ ઝડપાયા બાદ પુછતાછમાં સામે આવ્યું હતું કે રેકી કર્યા બાદ આ લૂંટારૂઓએ લૂંટ કરી હતી. તેને સાતથી આઠ લાખની મત્તા મળવાની અમાશા હતી. પરંતુ જીતેન્દ્રસિંહની ઘરમાંથી અઢી કરોડની માલમત્તા મળતાં લૂંટારાઓ ફુલ્યા સમાયા નહોતાં. જીતેન્દ્રસિંહના ઘરમાંથી ૨.૪૭ કરોડ રોકડા અને ૨૧ લાખથી વધુના દાગીના લૂંટારાઓને મળ્યા હતાં. શાતીર અને રીઢા ગુનેગારોએ પોલીસને થાપ આપવા માટે પોતે સીસીટીવી ફટેજમાં ન આવે તેની ખાસ તકેદારી રાખી હતી અને તેના માટે પણ રેકી કરી હતી. તેમજ લુંટની ઘટના બાદ મોબાઈલ ફોનનો ઉપયોગ પણ બંધ કરી દીધો હતો. રેન્જ ડીઆઈજી નિર્લિપ્ત રાયે જણાવ્યું હતું કે, અઢી કરોડની લુંટની ઘટનામાં ટીપ કોને આપી તે બે મુખ્ય સુત્રધારો કલમસીંગ અને કરણસીંગ પકડાયા બાદ જ બહાર આવશે. મુખ્ય સુત્રધાર કલમસીંગ સામે મધ્યપ્રદેશમાં ચોરી અને લુંટના બે ગુર્ન્હા નોંધાયા છે. જયારે પકડાયેલ લુંટારૂ બનસીંગ સામે મધ્યપ્રદેશમાં જાંબુવા અને અમજેરા પોલીસ મથકમાં લુંટ અને ધાડના બે ગુન્હા નોંધાયા છે. જયારે પકડાયેલ શેતાન સામે ગરબડા પોલીસ સ્ટેશનમાં પ્રોહીબીશનના ૭ અને દિનેશ સામે પ્રોહીબીશનના ૨ ગુનાઓ નોંધાયા છે.

**કુલ પોણા કરોડનો મુદ્દામાલ કબ્જે કરાયો**

ધાડમાં ગયેલ પૈકીના રોકડ રૂપિયા-૪૩,૧૮,૫૦૦, ધાડમાં ગયેલ ઘરેણા પૈકીના ઘરેણા- ૨૧,૨૨,૩૮૦, અન્ય મળી આવેલ ઘરેણા- ૪,૧૭,૬૯૦, ધાડમાં ઉપયોગ કરેલ બોલેરો કાર-૧ કિ.રૂ.૭,૦૦,૦૦૦, ધાડમાં ઉપયોગ કરેલ હથિયારો કિ.રૂ.૨૭,૦૦, ધાડમાં ગયેલ આર્મ્સ હથિયાર-૧ કિ. રૂ.૧૦,૦૦૦, આરોપીઓના મોબાઈલ ફોન-૩ કિ.રૂ.૧૫,૦૦૦, ધાડ બાદ ચોરી કરેલ મોટર સાયકલ-૨ કિ.રૂ.૧,૦૦,૦૦૦ મળી કુલ ૭૬,૮૬,૨૭૦નો મુદ્દામાલ કબ્જે કરાયો હતો. આ ટીમોએ દિવસ રાત જોયા વગર પ્રસંશનીય કામગીરી કરી

રાજકોટ ગ્રામ્ય એલસીબીના પીઆઈજે.પી. રાવ તથા પીએસઆઈ કે.એમ. ચાવડા, પીએસઆઈ એચ.સી.ગોહીલ, પીએસઆઈ આર.વી.ભીમાણી, પીએસઆઈ પી.એન. ભરવાડ તથા એલસીબી અને પેરોલ ફર્લો શાખાનો સ્ટાફ.

(૨) સાયબર ક્રાઈમ સેલના પીઆઈ રવિ ગોધમ તથા સ્ટાફ

(૩) રાજકોટ ગ્રામ્ય એસઓજી શાખાના પી.આઈ. એફ.એમ. પારગી તથા પીએસઆઈ જી.જે.ઝાલા તથા એસઓજી શાખાનો સ્ટાફ

(૪) શાપર વેરાવળ પોલીસ સ્ટેશનના પી.આઈ. આર.બી. રાણા તથા પીએસઆઈ આર.ડી.સોલંકી, પીએસઆઈ વી.જી.જેઠવા, પીએસઆઈ એસ.આર.પંડ્યા તથા શાપર વેરાવળ પો.સ્ટે.નો સ્ટાફ.

(૫) લીવ રીઝર્વ પીએસાઈ એ.બી. જાડેજા તથા એલ.આઈ.બી.શાખા, ભાયાવદર પો.સ્ટે, જસદણ પો.સ્ટે, ગોંડલ સીટી એ ડીવી પો.સ્ટે. અને ગોંડલ સીટી બી ડીવી પો.સ્ટે.નો સ્ટાફ.

(૬) સાયબર ક્રાઈમ પો.સ્ટે. રાજકોટ ગ્રામ્યના પીએસઆઈ સી.બી.વાંક તથા સાયબર ક્રાઈમ પો.સ્ટે. રાજકોટ ગ્રામ્યના સ્ટાફ મળી આ તમામ ટીમોએ કરેલી કામગીરીની ઉચ્ચ અધિકારીઓ, રેન્જ આઈજીએ પ્રસંશા કરી હતી.

---

વધુ બે યુવાઓએ તરછોડી દીધી મહામુલી જિંદગીઃ કારણ પણ રહ્યા અકળ

# બે કરૂણ ઘટનાઃ તાજા પરણેલા યુવાન, યુવતિએ જીવ દીધા

## એક મહિના પરણેલા યુવાનને ફોનમાં પરિવાર સાથે ઝઘડો થતાં એસિડ પી મોત વ્હાલુ કર્યુંઃ આઠ મહિના પહેલા લગ્ન કરનાર નવોઢાએ અકળ કારણે ઝેર પી દુનિયા છોડી

રાજકોટ,તા.૨૯

બે અલગ અલગ ઘટનામાં તાજા પરણેલા યુવાન અને યુવતિના અપમૃત્યુ થયા હતાં. એક મહિના પહેલા જ પરણેલા યુવાને ગૃહકલેશને કારણે એસિડ પી દુનિયા છોડી દીધી હતી. બીજી ઘટનામાં એક પરિણીતાએ ઝેરી દવા પી જીવ આપી દીધો હતો. તેણીના લગ્ન આઠ મહિના પહેલા જ થયા હતાં. આ બંને ઘટનામાં ચોક્કસ કારણો બહાર આવ્યા ન હોઈ પોલીસે તપાસ યથાવત રાખી હતી. ત્રીજી ઘટનામાં એક બાળકનો તાવ-આંચકીને કારણે ભોગ લેવાઈ ગયો હતો. જ્યારે એક રિક્ષાચાલક પ્રૌઢનું તેમની જ રિક્ષા ગોથુ ખાઈ જવાને કારણે મૃત્યુ થયું હતું. વાહન અકસ્માતની ઘાત મોભીને નડી જતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઈ હતી.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો શાપર વેરાવળમાં કેપ્ટન ગેઈટ નજીક હનુમાનજીના મંદિર પાસે રહેતો મુળ બિહારનો ત્રેવીસ વર્ષનો યુવાન કુંદન પ્રકાશભાઈ માંઝી એસિડ પી જતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. તેનું સારવારમાં મોત થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. એક મહિના પહેલા જ તેના લગ્ન થયા હતાં. કુંદન ગત ૨૬મીએ એસિડ પી જતાં રાજકોટ સારવાર હેઠળ હતી.

પરતુ અહિ તેનું સારવારમાં મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે શાપર પોલીસને જાણ કરી હતી. આપઘાત કરનાર કુંદન બે ભાઈ અને બે બહેનમાં વચેટ હતો. તેના લગ્ન એક મહિના પહેલા જ થયા હતાં. પંદરેક દિવસ પહેલા તે બિહારથી શાપર આવ્યો હતો અને બનેવી સાથે રૂમમાં રહી કંપનીમાં કામે લાગ્યો હતો. ફોન પર વતનમાં રહેતાં પરિવારજનો, પત્નિ સાથે કોઈ વાતે ચડભડ થતાં માઠુ લાગી જતાં આ પગલુ ભર્યાનું જણાવાયું હતું. શાપર પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

બીજી ઘટનામાં અમરેલી જીલ્લાના બાબરાના કરીયાણા ગામે રહેતી નવોઢાએ ઝેરી દવા પી લેતાં મોત થયું છે. આઠ મહિના



**પાંચ વર્ષના ટાબરીયાનો તાવ-આંચકીને કારણે જીવ ગયોઃ રિક્ષા પલ્ટી મારી જતાં ચાલક પ્રૌઢની જિંદગીનો અંત આવી ગયો**

પહેલા જ તેણીના લગ્ન થયા હતાં. કરીયાણા ગામે રહેતી ત્રેવીસ વર્ષની કિંજલબેન સંદિપભાઈ ઘેડાએ ઝેરી દવા પી લેતાં બાબરા, અમરેલી સારવાર માટે દાખલ કરવામાં આવી હતી. પરંતુ તેણીનું મૃત્યુ થતાં બાબરા પોલીસે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર કિંજલબેનના લગ્ન આઠ મહિના પહેલા જ થયા હતાં. પતિ ખેત મજૂરી કરે છે. આ પગલુ શા માટે ભર્યુ? તેની તપાસ બાબરા પોલીસે યથાવત રાખી હતી. લગ્નના આઠ જ મહિનામાં એવુ શું બન્યું કે નવોઢાને જીવ આપવા મજબુર થવું પડ્યું એ સવાલથી માવતર પક્ષ પણ વિચારમાં મુકાઈ ગયો છે. પોલીસ તપાસમાં સાચી વિગતો બહાર આવશે. ત્રીજી ઘટનામાં ગોંડલમાં પાંચ વર્ષના બાળકનું તાવ-આંચકી આવ્યા બાદ મોત નિપજતાં પરિવારમાં શોક છવાઈ ગયો હતો. ગોંડલમાં વ્હોરા કોટડા રોડ પર પંચ પીરની ધાર પાસે રહેતાં અશોકભાઈ સોલંકીના પુત્ર પાંચ વર્ષના દિવ્યેશને સાંજે તાવ ચડ્યા બાદ આંચકી આવવા માંડતાં બેભાન જેવો થઈ જતાં સારવાર માટે રાજકોટ ખસેડાતાં ઝનાના હોસ્પિટલના બાળકોના વિભાગમાં દાખલ કરાયો હતો. પરંતુ અહિ તેનું મોત થતાં પરિવારમાં શોક છવાઈ ગયો હતો. મૃત્યુ પામનાર દિવ્યેશ બે બહેનનો એકનો એક નાનો ભાઈ હતો. તેના પિતા છુટક મજૂરી કરે છે. લાડકવાયાના મોતથી મજૂર પરિવારમાં ગમગીની વ્યાપી ગઈ હતી. હોસ્પિટલ મારફત જાણ થતાં ગોંડલ બી-ડિવીઝન પોલીસે રાજકોટ પહોંચી જરૂરી કાર્યવાહી કરી હતી.

ચોથી કરૂણ ઘટનામાં કોટડા સાંગાણીના અરડોઈ ગામે રહેતાં રિક્ષાચાલક પ્રૌઢનું અરડોઈ ગામના પાદરમાં રિક્ષા પલ્ટી ખાઈ જતાં ગંભીર ઈજા થવાથી મોત થયું છે. તેઓ શાપરથી મુસાફરોને બેસાડી અરડોઈ તરફ જતાં હતાં ત્યારે બનાવ બન્યો હતો. અરડોઈમાં રેહતાં પ્રેમજીભાઈ પુંજાભાઈ રાઠોડ નામના અઠાવન વર્ષના પ્રૌઢે શાપરથી રિક્ષામાં બે ત્રણ મુસાફરોને બેસાડી અરડોઈ જઈ રહ્યા હતાં ત્યારે ગામના પાદરમાં રિક્ષા પલ્ટી ખાઈ જતાં તેમને ગંભીર ઈજા થઈ હતી.

મુસાફરોનો બચાવ થયો હતો. પ્રેમજીભાઈએ સારવાર માટે રાજકોટ સિવિલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ તેમનું મૃત્યુ થતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઈ હતી. હોસ્પિટલ ચોકીના સ્ટાફે કોટડા સાંગાણી પોલીસને જાણ કરતાં જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી. મૃત્યુ પામનાર પ્રેમજીભાઈ બે બહેન અને ચાર ભાઈમાં બીજા હતાં. સંતાનમાં એક દિકરો અને ત્રણ દિકરી છે. આ બનાવથી પરિવારમાં ગમગીની વ્યાપી ગઈ હતી. આમ ચાર ઘટનાઓમાં ચાર પરિવારોએ પોતાના સ્વજનોને ઓચીંતા ગુમાવી દેતાં કારમો આઘાત લાગ્યો હતો. ચારેયના પોસ્ટમોર્ટમ રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે કરવામાં આવ્યા હતાં.

---

પીડાના પહાડથી ક્યાં સુધી તૂટતો રહેશે માનવી ?

# ગંભીર બીમારીએ મહંતને જીવન ટુંકાવવા કર્યા મજબૂર !

રાજકોટ, તા.૨૯

નસ્રબીમારી અને શારીરિક પીડા માણસને કઈ હદે નિઃસહાય બનાવી શકે છે?સ્રસ્ર આ પ્રશ્નનો જો કોઈ જીવતો જાગતો છતાં અત્યંત કરુણ જવાબ હોય તો તે છે જેતપુરના રણુજા ધામના ૭૫ વર્ષીય મહંત કરસનદાસ બાપુનો અંત. આધ્યાત્મિકતાના શિખરે બેઠેલી વ્યક્તિ, જેણે દુન્યવી મોહમાયા છોડી દીધી હોય, તે પણ જ્યારે જીવલેણ બીમારીના સકંજામાં ફસાય છે, ત્યારે તેનું મનોબળ કેવી રીતે કડડભૂસ થઈ જાય છે, તેની આ એક અત્યંત દર્દનાક દાસ્તાન છે.

મૂળ મીઠાપુરના વતની અને વરીયા કુંભાર જ્ઞાતિમાં જન્મેલા કરસનદાસ બાપુએ ૪૭ વર્ષ પહેલાં, જ્યારે યુવાનીનો ઉત્સાહ હશે, ત્યારે જ સંસારનો ત્યાગ કર્યો હતો. છેલ્લા ૪૫ વર્ષથી તેઓ રણુજા ધામ મંદિરમાં ઈશ્વરની આરાધના અને લોકોની સેવામાં લીન હતા. જેણે પરિવારનો મોહ છોડી દીધો, તેને મોતનો ડર તો ક્યાંથી જ હોય? પરંતુ, તેમની લડાઈ મોત સામે નહીં, પણ જીવનની એ પીડા સામે હતી જે મોતે પણ વધુ ભયાનક હતી.

ગંભીર બીમારી માણસ સાથે કેવી ક્રૂર મજાક કરે છે! મહંત કરસનદાસ બાપુ છેલ્લા ૧૦ વર્ષથી કેન્સર જેવી અસાધ્ય બીમારી સામે ઝઝૂમી રહ્યા હતા. શરૂઆતના વર્ષોમાં તેમણે ભક્તિ અને આસ્થાના બળે આ દર્દને હરાવવાનો પ્રયાસ કર્યો હશે. પણ કેન્સર... એ જ્યારે માણસના શરીરમાં મૂળિયાં નાખે છે, ત્યારે તે માત્ર માંસ કે હાડકાં નથી કોરી ખાતું, તે માણસની સહનશક્તિને પણ કોરી ખાય છે. રાતોની ઊંઘ હરામ થઈ જવી, દવાઓની અસર ખતમ થઈ જવી અને શ્વાસ લેવો પણ એક બોજ બની જવો - આ પરિસ્થિતિ માણસને જીવતા જીવ નરકનો અનુભવ કરાવે છે.

પોલીસને મળેલી તેમની સુસાઈડ નોટ માત્ર કાગળ પર લખાયેલા શબ્દો નથી, પણ દાયકા સુધી મૂંગા મોઢે પીડા સહન કર્યા પછી નીકળેલો એક આર્તનાદ છે. નસ્રપીડા હવે અસહ્ય બની ગઈ છે...સ્રસ્ર - આ વાક્ય લખતી વખતે બીમાર સંતના હાથ કેટલા ધ્રૂજ્યા હશે? જ્યારે શરીરનો એક-એક કોષ પીડાથી ચિત્કાર કરતો



**બીમારી માણસની શારીરિક જ નહીં, માનસિક સહનશક્તિની પણ કેવી ક્રૂર પરીક્ષા લે છે, તેનો કરૂણ ચિતાર આપતી જેતપુરના રણુજા ધામના મહંતની વિદાય**

હોય, ત્યારે માણસ મુક્તિનો માર્ગ શોધવા મજબૂર બની જાય છે.

મંદિરની સામે જ આવેલી વાડીના કૂવા તરફ ડગલાં માંડતી વખતે મહંતના મનમાં શું ચાલતું હશે? ૪૫ વર્ષ જે મંદિરના આંગણામાં કાઢ્યા, તેને છેલ્લી વાર જોતી વખતે આંખમાં કેવાં આંસુ હશે? આ કોઈ કાયરતાનું પગલું નહોતું, પણ એક હારી ગયેલા શરીરની, પીડામાંથી કાયમી મુક્તિ મેળવવાની છેલ્લી તરફડતી હતી.આ ઘટના માત્ર એક સમાચાર નથી, પણ સમાજ માટે એક બોધપાઠ છે. ગંભીર બીમારીઓ સામે લડતા દર્દીઓ ઘણીવાર બહારથી શાંત દેખાતા હોય છે, પણ અંદરથી તેઓ પીડાના જ્વાળામુખી પર બેઠા હોય છે. મહંત કરસનદાસ બાપુની આ કરુણ વિદાય આપણને સૌને એ વિચારવા મજબૂર કરે છે કે બીમારી સામે લડતા માણસને માત્ર દવાની નહીં, અખૂટ સંવેદનાની પણ જરૂર હોય છે.

લૂંટ, હત્યા સહિતના ગુનાઓમાં સામેલ બે રીઢા ગુનેગાર પોલીસ-પોલીસ રમવા માંડ્યા'તા

# નકલી પોલીસ બની લોકોને લૂંટતાં બે લુખ્ખા પકડાયા

## અન્ય એક શખ્સ નકલી આઈપીએસ બન્યો અને અસલી પોલીસમેન સાથે ધમાલ મચાવી બદલી કરાવી દેવાની ધમકી આપીઃ ત્રણેય ડુપ્લાઓને અસલી પોલીસે કાયદાનું ભાન કરાવ્યું

રાજકોટ, તા. ૨૯

અવાર-નવાર અમુક લેભાગુઓ ઠેકઠેકાણે નકલી પોલીસ કે નકલી અધિકારી બનીને લોકોને છેતરતા હોય છે. આવા વધુ બે કિસ્સા સામે આવ્યા છે. જેમાં એક રિક્ષાવાળો નકલી પોલીસ બનીને લોકોને ડરાવી રૂપિયા પડાવતો હતો. પોલીસે આ શખ્સ અને તેના સાગ્રીતને દબોચી લીધા હતા. બીજી તરફ એક શખ્સ નકલી આઈપીએસ અધિકારી બનીને રોફ જમાવતો હોઇ તેણે પોલીસ કર્મચારી સાથે પણ ઝપાઝપી કરી લઇ બદલી કરાવી દેવાની ધમકી આપી દીધી હતી. અસલી પોલીસે આને પણ દબોચી કાયદાનું ભાન કરાવ્યું હતું.

વિગતો પર નજર કરીએ તો અમદાવાદમાં નકલી પોલીસ બની લોકોને ડરાવીને પૈસા પડાવતી ટોળકીનો નારોલ પોલીસે પર્દાફાશ કર્યો હતો. તમે કંપનીમાં મજૂરોને સમયસર પગાર કેમ નથી આપતા કહી યુવકને ધમકાવ્યો અને બાદમાં રૂ. સાડા દસ હજાર પડાવી અને ફરાર થઈ ગયા હતા. નારોલ પોલીસે સીસીટીવીના આધારે બે આરોપીઓને ઝડપી લીધો હતો અન્ય આરોપીઓ રિક્ષા ડ્રાઈવિંગનો ધંધો કરે છે અને નકલી પોલીસની ઓળખ આપી લૂંટ કરતા હતા.

વધુ માહિતી અનુસાર નારોલ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ. જે. બી. અગ્રાવતે જણાવ્યું હતું કે, નારોલ વિસ્તારમાં ચીરીપાલ કંપનીમાં કામ કરતા કર્મચારી બાઈક લઈને કોઝી હોટલ ચાર રસ્તા પાસે પહોંચ્યા હતા ત્યારે રીક્ષા લઈને આવેલા બે શખ્સોએ રસ્તામાં રોક્યો હતો. બંનેએ પોતાની ઓળખ પોલીસ તરીકે આપી કર્મચારી પાસે આધાર કાર્ડ ચેક કર્યું અને ત્યારબાદ મજૂરોને કેમ સમયસર નાણા ચૂકવતા નથી કહીને તેને પોલીસ કેસમાં ફસાવવાની ધમકી આપી હતી. આરોપીઓએ પહેલા ૪૫ હજાર રૂપિયાની માંગણી કરી હતી.



પરંતુ આખરે ડરનો માહોલ ઉભો કરીને કર્મચારી પાસે રહેલા દસ હજાર પાંચસો રૂપિયા રોકડા પડાવી લીધા હતા. આ પછી બંને શખસ રિક્ષા લઈને જતા રહ્યા હતા. ભોગ બનનાર વ્યક્તિએ નારોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. ફરિયાદના આધારે પોલીસે ઘટનાસ્થળ અને આસપાસના સીસીટીવી કેમેરાની તપાસ હાથ ધરી હતી. ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઇન્ટેલિજન્સ આધારે પોલીસે નારોલ વિસ્તારમાંથી અયુબ શાહ અને રવિ રાજપૂત નામના બે આરોપીઓની ધરપકડ કરી હતી.

પૂછપરછ દરમિયાન બંનેએ નકલી પોલીસ બની લોકો પાસેથી રૂપિયા પડાવ્યાની કબૂલાત કરી છે. પોલીસે તેમની પાસેથી રોકડ રકમ સહિત મુદ્દામાલ પણ કબજે કર્યો હતો. પોલીસ તપાસમાં સામે આવ્યું કે, બંને આરોપીઓ અગાઉ જેલમાં મળ્યા હતા જ્યાં તેમની મિત્રતા થઈ હતી અને બંને આરોપીઓ રિક્ષા ચલાવે છે જેથી એકલ દોકલ જતા વ્યક્તિને ડરાવી ધમકાવી રૂપિયા પડાવી લેતા હતા. આરોપી અયુબ શાહ રીઢો ગુનેગાર છે અને તેની સામે નકલી પોલીસ બની લૂંટના પાંચ ગુના, હત્યાનો એક ગુનો તેમજ છેતરપિંડીનો એક એમ કુલ સાત ગુના નોંધાયેલા છે. જ્યારે રવિ રાજપૂત સામે ઘરફોડ, ચોરી સહિત પાંચ ગુનાઓ નોંધાયેલા હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. હાલ નારોલ પોલીસ બંને આરોપીઓના રિમાન્ડ મેળવી અન્ય કોઈ ગુનાઓમાં સંડોવણી છે કે કેમ તે દિશામાં વધુ તપાસ હાથ ધરી હતી.

બીજી ઘટનામાં અમદાવાદ રેલવે પોલીસ અને એલસીબી પશ્ચીમની ટીમે નકલી આઇપીએસ અધિકારી જોન ડેનિયલને ઝડપી પાડ્યો હતો. આરોપી કાલુપુર રેલવે સ્ટેશન પર આઇપીએસ અધિકારી સાથેના ફોટોગ્રાસ અને પરિચય હોવાની સાથે પોતે આઇપીએસ અધિકારી હોવાનો રોફ જમાવી ફરજ પરના પોલીસકર્મીઓ સાથે ઉદ્ધતાઈ અને હાથાપાઈ કરી હતી. આરોપીએ પોતે ઉચ્ચ પોલીસ અધિકારીઓ સાથે જોડાયેલો હોવાનું કહીં રેલવે પોલીસ પર દબાણ ભું કરવાનો પ્રયાસ કર્યો હતો. ફરજ પરના પોલીસકર્મીઓને ગાળો આપી તેમની સાથે ઝપાઝપી કરી હતી તેમજ પોલીસ યુનિફૉર્મ ખેંચી અહીંથી દૂર ટ્રાન્સફર કરાવી દઈશઁ તેવી ધમકી પણ આપી હતી.

ત્યારબાદ આ બનાવ અંગે અમદાવાદ રેલવે પોલીસ સ્ટેશનમાં વિવિધ કલમો હેઠળ ગુનો નોંધાયા બાદ પોલીસ દ્વારા સીસીટીવી ફૂટેજ અને હ્યુમન ઇન્ટેલિજન્સના આધારે આરોપીની ઓળખ કરવામાં આવી હતી. ત્યારબાદ એલસીબી પશ્ચિમ અને અમદાવાદ રેલવે પોલીસની સંયુક્ત ટીમ શોધખોળ હાથ ધરી ગણતરીના કલાકોમાં આરોપીને ઝડપી પાડ્યો હતો. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આરોપી સ્ટુડન્ટ પોલીસ કેડેટ્સ કાર્યક્રમ સાથે સંકળાયેલો હોવાથી અને કેટલાક ઉચ્ચ અધિકારીઓના સંપર્કમાં આવ્યાના કારણે તેનો ખોટો રોફ જમાવવાની ટેવ ધરાવતો હતો. હાલ આરોપી જોન ડેનિયલની ધરપકડ કરી જેલ હવાલે કરવામાં આવ્યો હતો.

---

ત્રણ જુદી જુદી ઘટનામાં ત્રણ પરિવારોને કારમો આઘાત

# કેનાલમાં ન્હાવા માટેની છલાંગ મોતની છલાંગ

## ચોવીસ વર્ષના યુવાનનો જીવ ગયોઃ બીજા બનાવમાં તેતાલીસ વર્ષના યુવાનને માથામાં ટોમી લાગતાં મોતઃ ત્રીજી ઘટનામાં ગભરામણ બાદ છવ્વીસ વર્ષના યુવાનનો જીવ ગયોઃ તબિબની બેદરકારીનો આક્ષેપઃ ચાર મહિના પહેલા જ લગ્ન થયા હતાં

રાજકોટ, તા. ૨૯

અપમૃત્યુની વધુ ત્રણ ઘટનાઓ સામે આવી હતી. જેમાં અકે બનાવમાં યુવાન કેનાલમાં ન્હાવા જતાં ઠેકડો મારતાં પડી જતાં ઇજા થવાથી જીવ ગયો હતો. બીજા બનાવમાં એક યુવાન ટ્રક રીપેર કરી રહ્યા હતાં ત્યારે લોખંડની ટોમી લાગી જતાં મોત થયું હતું. ત્રીજા બનાવમાં ગભરામણ થયા બાદ એક યુવાનનું ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. આ હોસ્પિટલના તબિબોએ બેદરકારી દાખવી હોવાનો આક્ષેપ થતાં પોલીસે મૃતદેહનું ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. આ યુવાનનું હજુ ચાર મહિના પહેલા જ લગ્ન થયા હતાં.

વિગતો પર નજર કરીએ તો જેતપુરમાં વર્ષોથી રહેતાં મુળ યુપીના યુવાનનું કેનાલમાં ન્હાતી વખતે ઠેંકડો મારતાં પડી જતાં ઇજા થવાથી મોત થયું હતું. ચોવીસ વર્ષનો મુળ યુપીનો યુવાન ઇજાગ્રસ્ત થતાં સારવાર માટે રાજકોટ ખસેડાયો હતો. પરંતુ અહિ મોત નિપજતાં પરિવારજનોમાં શોક છવાઇ ગયો હતો. વધુ માહિતી અનુસાર જેતપુર જાગૃતિનગર સોસાયટીમાં રહેતો કમલ જયકરન વર્મા નામનો ચોવીસ વર્ષનો યુવાન સત્તરમીએ બીજા છોકરાઓ સાથે જેનતપુરમાં જાગૃતિનગર પાસે આવેલી કેનાલ ખાતે ન્હાવા ગયો હતો. ત્યાં એકાદ માળ જેટલી ઉંચાઇ પરથી તેણે ઠેકડો મારતાં નીચે પડ્યા બાદ બેલેન્સ ગુમાવતાં ઇજાઓ થઇ હતી.

તેને જેતપુર સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ તેનું મોત થયું હતું. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે જેતપુર પોલીસને કરી હતી. મૃત્યુ પામનાર કમલ મુળ યુપીનો વતની હતો અને સાત ભાઇ તથા એક બહેનમાં વચેટ અને અપરિણીત હતો. તે વર્ષોથી તેના ભાઇ તથા વતનના બીજા યુવાનો સાથે જેતપુર રહી સાડીની કંપનીમાં કામ કરતો હતો. મૃતદેહને રાજકોટ ખાતે પોસ્ટમોર્ટમ બાદ વતન યુપી લઇ જવામાં આવ્યો હતો.

બીજી ઘટનામાં કોટડા સાંગાણીના સડક પીપળીયા ગામે આવેલી કંપનીમાં ટ્રકમાં રીપેરીંગ વખતે લોખંડની ટોમી ઉડીને કપાળે લાગી જતાં ઇજા થતાં ગોંડલના રીબ ગામના ૪૩ વર્ષિય યુવાનનું સારવાર દરમિયાન



મૃત્યુ થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો છે. આ બનાવથી ત્રણ દિકરીઓએ પિતાની છત્રછાંયા ગુમાવી દીધી છે.

જાણવા મળ્યા મુજબ ગોંડલના રીબ ગામે રહેતાં તેતાલીસ વર્ષના યુવાન પ્રહલાદસિંહ પ્રવિણસિંહ જાડેજા ગયા મંગળવારે ૨૩મીએ સાંજે છએક વાગ્યે સડક પીપળીયા ગામે કેપ્ટન કંપની પાસે આઇસર ટ્રકમાં રીપેરીંગ કરી રહ્યા હતાં ત્યારે લોખંડની ટોમી છટકીને કપાળે લાગી જતાં ઇજા થઇ હતી. જેના કારણે માથામાં ટાંકા આવ્યા હતાં. આ પછી બે દિવસ બાદ ૨૫મીએ અચાનક તબીયત બગડતાં ચક્કર આવવા માંડતાં પરિવારજનોએ તેમને સારવાર માટે રાજકવટ સિવિલ હોસ્પિટલમાં ખસેડતાં અહિ તેમને દાખલ કરાયા હતાં.

સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. હોસ્પિટલ ચોકીના સ્ટાફે કોટડા સાંગાણી પોલીસને ઘટનાની જાણ કરી હતી. મૃત્યુ પામનાર પ્રહલાદસિંહ બે ભાઇ અને બે બહેનમાં નાના હતાં. સંતાનમાં ત્રણ દિકરી છે. જેણે પિતાની છત્રછાંયા ગુમાવી દેતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો.

ત્રીજા બનાવમાં ધ્રાંગધ્રામાં રેલ્વે કોલોનીમાં રહેતાં છવ્વીસ વર્ષના કરણભાઇ યોગેશભાઇ પાલીવાલ નામના યુવાનને ગઇકાલે સાંજે અચાનક ગભરામણ થતાં શ્વાસમાં તકલીફ થતાં ધ્રાંગધ્રાની શ્રીજી હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. પરંતુ સારવાર દરમિયાન મૃત્યુ થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. બનાવમાં તબિબની બેદરકારીનો આક્ષેપ પરિવારજનોએ કરતાં મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે રાજકોટ ખસેડાયો હતો. મૃત્યુ પામનાર કરણભાઇ બે ભાઇમાં મોટો હતો અને ચાર મહિના પહેલા જ તેના લગ્ન થયા હતાં.

તે જીઇબીમાં કોન્ટ્રાક્ટ બેઝ પર ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવતો હતો. તેના ભાઇ સહિતના સગા સ્વજનોએ આક્ષેપ કર્યો હતો કે જે હોસ્પિટલમાં અમે મારા ભાઇને લઇ ગયા ત્યાં એમડી પણ હાજર નહોતાં. કમ્પાઉન્ડરે સારવાર કરી હતી.

આ દરમિયાન અમારા ભાઇનું મૃત્યુ થયું હતું. મોતનું કારણ જાણવા અમે ફોરેન્સિક પોસ્ટમોર્ટમની માંગણી કરી છે. હોસ્પિટલના તબિબની બેદરકારીથી અમે અમારા સ્વજનને ગુમાવ્યા છે. ધ્રાંગધ્રા પોલીસે મૃતદેહને ફોરેન્સિક પોસ્મમોર્ટમ માટે રાજકોટ ખસેડ્યો છે. આ બનાવથી પાલીવાલ-વણજારા પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. આમ ત્રણ અલગ અલગ ઘટનાઓમાં પરિવારોએ સ્વજનો ગુમાવી દીધા હતાં.

---



# દિલની દગાખોરીથી મહિલા અને પ્રૌઢની જિંદગી ખતમ થઇ

## સર્વોદય સોસાયટી-સાગર સોસાયટીના પરિવારોએ સ્વજનો ગુમાવતાં શોક

રાજકોટ, તા. ૨૯

દિલની દગાખોરીથી વધુ બે લોકોના મૃત્યુ થયા છે. નવા થોરાળા સર્વોદય સોસાયટી-૩/૬ના ખુણે રહેતાં ઓગણપચાસ વર્ષના મંજુબેન હસમુખભાઇ મકવાણા નામના મહિલા રાતે અગીયારેક વાગ્યે ઘરે એકાએક બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ તેમનું મૃત્યુ થતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. મૃત્યુ પામનાર મંજુબેન કારના શો રૂમમાં સફાઇ કામ કરી પરિવારને મદદરૂપ થતાં હતાં. તેમના પતિ હસમુખભાઇ રિક્ષાના ફેરા કરે છે. સંતાનમાં બે દિકરા અને એક દિકરી છે. હાર્ટએટેક આવી ગયાનું સગાએ જણાવ્યું હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફ મારફત જાણ થતાં બી-ડિવીઝન પોલીસે કાર્યવાહી કરી હતી.

જ્યારેં કોઠારીયા રોડ સાગર સોસાયટી-૩માં રહેતાં છપ્પન વર્ષના ઇનાયતભાઇ સુલેમાનભાઇ પીલુડીયા નામના પ્રૌઢ ગઇકાલે સવારે ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ તેમનું મૃત્યુ થયું હતું. બનાવની જાણ હોસ્પિટલ ચોકી દ્વારા થતાં ભક્તિનગર પોલીસને જાણ કરાઇ હતી. મૃત્યુ પામનાર ઇનાયતભાઇ ચાર ભાઇ અને ચાર બહેનમાં વચેટ હતાં અને કબાટના કારખાનામાં કામ કરતાં હતાં. સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. હાર્ટએટેક આવી ગયાનું સગાએ જણાવ્યું હતું. બનાવથી પરિવારમાં માતમ છવાઇ ગયો હતો. મોતનું કારણ જાણવા પોલીસે બંને બનાવમાં મૃતદેહના પોસ્ટમોર્ટમ કરાવ્યા હતાં.

---

કુવાડવા રોડ પર લુખ્ખાગીરીની ઘટનાઃ જુના મિત્રએ જ નશા માટે પૈસા માંગ્યા ન આપતાં ડખ્ખો

# બે સગા ભાઇ અને મિત્ર પર હુમલોઃ કારમાં તોડફોડ

## હુમલાખોર નવાગામના શખ્સે પૈસા ન અપાતાં બાઇક પડાવી લીધાનો આક્ષેપઃ બી-ડિવીઝન પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી



રાજકોટ, તા. ૨૯

શહેરમાં લુખ્ખાગીરી, મારામારીની ઘટનાઓ અવાર-નવાર બનતી રહે છે. વધુ એક આવા કિસ્સામાં ભગવતીપરાના બે સગા ભાઇઓ અને તેના મિત્ર પર જુના મિત્ર એવા નવાગામના શખ્સ સહિતને હુમલો કરી છરીના ઘા ઝીંકી દેતાં ત્રણેયને સારવાર માટે દાખલ કરાયા હતાં. હુમલાખોરોએ નશો કરવા પૈસાની માંગણી કરી હતી. પરંતુ પૈસા ન આપતાં આ બંને ભાઇના મિત્રનું હોન્ડા પડાવી જવાયું હતું. પોલીસે આ મામલે તપાસ શરૂ કરી હતી.

વિગતો પર નજર કરીએ તો શહેરના ભગવતીપરામાં રહેતાં યુવાન પર રાતે તેના જ મિત્ર નવાગામના શખ્સે કુવાડવા રોડ પર છરીથી હુમલો કર્યા બાદ આ યુવાનના ભાઇ અને મિત્રને પણ છરીથી ઘાયલ કરી મોટર સાઇકલ પડાવી લેતાં પોલીસે તપાસ શરૂ કરી છે. હુમલાખોર હોન્ડા પણ પડાવી ગયાનો આક્ષેપ કરવામાં આવતાં પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. વધુ માહિતી અનુસાર ભગવતીપરા મહાકાળી સોસાયટી-૨માં રહેતો છવ્વીસ વર્ષનો અશોક ટીસાભાઇ કેરાળીયા નામનો કોળી યુવાન રાતે અગીયારેક વાગ્યે કુવાડવા રોડ પર રણછોડદાસ બાપુના આશ્રમ પાસે પોતાના નાના ભાઇ વીસ વર્ષનો રાહુલ ટીસાભાઇ કેરાળીયા તથા રાહુલના મિત્ર છવ્વીસ વર્ષનો મીત મનિષભાઇ ચુડાસમા સાથે હતો.

આ વખતે નવાગામમાં રહેતાં અશોકના જુના મિત્ર ફારૂક સહિતનાએ આવી ઝઘડો કરી પૈસા માંગતાં અશોકે પૈસા આપવાની ના પાડતાં તેના પર છરીથી હુમલો કરી ઇજા પહોંચાડી હતી. ત્યારે મીત ચુડાસમા વચ્ચે પડતાં તેને પણ છરી ઝીંકી દેવાઇ હતી. આ બંનેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે બી-ડિવીઝન પોલીસને જાણ કરી હતી. આ દરમિયાન અશોકનો ભાઇ રાહુલ કેરાળીયા પણ પોતાને ભગવતીપરા પુલ પાસે ફારૂક સહિતે છરીથી ઇજા પહોંચાડ્યાની ફરિયાદ સાથે હોસ્પિટલમાં દાખલ થયો હતો.

આથી હોસ્પિટલ ચોકી મારફત રાહુલની એન્ટ્રીની અલગથી નોંધ કરાવવામાં આવી હતી. અશોક, રાહુલ અને રામકુ એમ ત્રણ ભાઇઓ છે. રાહુલના કહેવા મુજબ પોતે ત્રણેય ભાઇઓ ચાંદી કામ કરે છે. ફારૂક એ તેના ભાઇ અશોકનો જુનો મિત્ર છે. રાતે નશો કરવા માટે ફારૂક સહિતે પૈસા માંગતા બોલાચાલી થઇ હતી. બાદમાં હુમલો કરાયો હતો. એ પછી ફારૂક મીતનું હોન્ડા પડાવીને ભાગ્યો હતો. પોતે તેને શોધવા જતાં પોતાના પર પણ ફારૂકે હુમલો કર્યો હતો. રાહુલે વધુમાં જણાવ્યું હતું કે મારા નાના ભાઇ રામકુની કારના કાચ પણ ફારૂક સહિતનાએ તોડી નાંખ્યા હતાં. મીતનું પચાસ હજારનું બાઇક આ લોકો પડાવી ગયા હતાં. આક્ષેપો અંગે બી-ડિવીઝન પોલી ઇન્સપેક્ટર જી. આર. ચૌહાણ અને ટીમે તપાસ હાથ ધરવામાં આવી હતી.

### હોટેલમાં બંને જમતા'તા ત્યારે એકને મોટા ભાઇનો ફોન આવતાં તે બીજાને મુકીને જતો રહ્યો એમાં વાત વણસી

# દોસ્તીનો લોહીયાળ અંતઃ મિત્રએ જ લીધો જીવ

## તું મને હોટેલમાં એકલો મુકીને કેમ ભાગી ગયો કહી સન્ની છરીથી મિત્ર અમોલ પર તૂટી પડ્યો અને અમોલના પાણ નીકળી ગયાઃ હત્યારો ભાગે એ પહેલા દબોચી લેવાયો



રાજકોટ, તા. ૨૯

હત્યાની વધુ એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. જેમાં દોસ્તીનો સંબંધ લોહીયાળ બન્યો હતો. વધુ એક વખત મિત્રતામાં માથાકુટ થતાં એક મિત્રને બીજાના હાથે મોત મળ્યું હતું. હોટેલમાં એકલો મુકીને જતાં રહેવા મામલે થયેલી ચડભડ હત્યા સુધી પહોંચી હતી. છરીના ઘા ઝીંકી યુવાનને તેના જ ભાઇબંધે પતાવી દીધો હતો. તે હત્યા કરી શહેર મુકીને ભાગે એ પહેલા પોલીસના હાથમાં આવી ગયો હતો.

વિગતો પર નજર કરીએ તો હત્યાની આ ઘટના સુરતના પાંડેસરા વિસ્તારમાં બની છે. એક મિત્રએ જ પોતાના જીગરી મિત્રની હત્યા કરી નાખતા સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે. સામાન્ય રીતે દોસ્તીમાં નાના-મોટા મનદુઃખ થતા હોય છે, પરંતુ સુરતની આ ઘટનામાં " પજેસિવ ભાવ" એટલે કે અતિશય હક જતાવવાની ભાવના અને અચાનક આવેલા ગુસ્સાના કારણે એક યુવકે તેના જ મિત્ર પર ચપ્પુ વડે જીવલેણ હુમલો કરી દીધો હતો.

હોટેલમાં જમતી વખતે કોઈને કહ્યા વગર અધવચ્ચેથી ભાઈને લેવા નીકળી જવાની સામાન્ય બાબત એક યુવક માટે કાળ સાબિત થઈ છે. પાંડેસરા પોલીસે આ મામલે ત્વરિત એક્શન લઈને હત્યારા મિત્રની ધરપકડ કરી લીધી હતી. પોલીસે કહ્યું કે પાંડેસરા વિસ્તારમાં આવેલા ભેદનગર પ્રેમનગરમાં રહેતા બે મિત્રો અમોલ અને સન્ની વર્ષોથી એકબીજાના ગાઢ પરિચયમાં હતા.

બંને મિત્રો રાબેતા મુજબ સાંજના સમયે સલાબતપુરા વિસ્તારમાં સાથે જમવા માટે ગયા હતા. હોટેલમાં બંને મિત્રો આનંદથી જમી રહ્યા હતા તે દરમિયાન અચાનક અમોલના મોટાભાઈનો ફોન આવ્યો હતો.

મોટાભાઈએ અમોલને જણાવ્યું કે તે ડીંડોલી વિસ્તારમાં છે અને તેને ત્યાં લેવા માટે આવવું પડશે. ભાઈનો ફોન આવતા જ અમોલ સન્નીને હોટેલમાં જ મૂકીને તાત્કાલિક પોતાના ભાઈને લેવા માટે ડીંડોલી જવા રવાના થઈ ગયો હતો. જ્યારે સન્નીને કહ્યા વગર કે ત્યાં જ હોટેલમાં મૂકીને પોતાના ભાઈને લેવા નીકળી ગયો, ત્યારે સન્ની ભારે ગુસ્સામાં આવી ગયો હતો. સન્નીના મનમાં એવો દ્વેષ જાગ્યો કે તેનો આટલો નજીકનો મિત્ર તેને આ રીતે એકલો મૂકીને કેવી રીતે જઈ શકે. અમોલ તો ડીંડોલી તરફ નીકળી ગયો હતો. પરંતુ પાછળથી સન્ની પણ ભારે રોષ સાથે ત્યાંથી નીકળ્યો હતો.

સન્ની અન્ય વાહન ચાલકો પાસે લિટ માંગીને જેમ-તેમ કરીને પાંડેસરાના પ્રેમનગર ખાતે પહોંચ્યો હતો, જ્યાં તેનો ગુસ્સો સાતમા આસમાને હતો.

અમોલ પોતાના ભાઈને લઈને જ્યારે પાંડેસરા પ્રેમનગર વિસ્તારમાં પરત ફર્યો, ત્યારે ત્યાં પહેલાથી જ ઘાત લગાવીને બેઠેલો સન્ની તેની સામે આવી ગયો હતો. સન્નીએ અમોલને રોકીને ભારે આક્રોશ સાથે પૂછ્યું કે તું મને ત્યાં હોટેલમાં શા માટે એકલો છોડીને જતો રહ્યો? આ બાબતે બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. સન્ની એટલી હદે ઉશ્કેરાઈ ગયો હતો કે તેણે પોતાના ખિસ્સામાંથી તીક્ષ્ણ ચપ્પુ કાઢી અમોલ પર ઉપરાછાપરી હુમલો કરી દીધો હતો.

આ હુમલામાં ચપ્પુના ઘા સીધા અમોલની છાતીના ભાગે એટલે કે વાઈટલ પાર્ટ પર વાગ્યા હતાં. ચપ્પુના ગંભીર ઘા વાગવાના કારણે અમોલ લોહીલુહાણ હાલતમાં જમીન પર ઢળી પડ્યો હતો.

છાતીના ભાગે ગંભીર ઈજાઓ થવાના કારણે અને અતિશય લોહી વહી જવાને લીધે અમોલનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. ધોળા દિવસે બનેલી આ લોહિયાળ ઘટનાને પગલે આસપાસના વિસ્તારમાં દોડધામ મચી ગઈ હતી અને સ્થાનિક લોકોએ તાત્કાલિક પોલીસને આ અંગે જાણ કરી હતી. પોતાના જ મિત્રના હાથે એક યુવકની હત્યા થતાં પ્રેમનગર વિસ્તારમાં માતમ છવાઈ ગયો હતો.

આ ચકચારી હત્યાની ઘટનાની જાણ થતાં જ પાંડેસરા પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસ સબ ઈન્સ્પેક્ટર અને એસીપી સહિતના ઉચ્ચ અધિકારીઓ પણ તપાસમાં જોડાયા હતા.

પાંડેસરા પોલીસે ગુનાની ગંભીરતાને જોઈને અલગ-અલગ ટીમો બનાવી હત્યારા સન્નીને શોધવા ચક્રો ગતિમાન કર્યા હતા અને ગણતરીના કલાકોમાં જ આરોપી સન્નીને ડિટેઈન કરી પોલીસ સ્ટેશન લઈ આવવામાં સફળતા મેળવી હતી.

આ સમગ્ર મામલે એસીપી ઝેડ. આર. દેસાઈએ જણાવ્યું હતું કે મૃતક અમોલ અને આરોપી સન્ની બંને લાંબા સમયથી ભેદવાડ પ્રેમનગર ખાતે સાથે રહેતા હતા અને ખૂબ જ નજીકના મિત્રો હતા. નહિ જેવી વાતે હત્યા થઇ ગઇ હતી. આરોપીની વધુ પુછતાછ હાથ ધરવામાં આવી હતી.

### ભેદી હત્યાને પગલે પોલીસની ટીમોએ શરૂ કરી દોડધામ

# પિતાની બદલે નોકરીએ ગયેલા પુત્રની ક્રુર હત્યા

## અજાણ્યા શખ્સોએ પથ્થરથી માથું છુંદી મોતને ઘાટ ઉતાર્યો

રાજકોટ, તા. ૨૯

મારામારી, હત્યાનો પ્રયાસ, હત્યાની ઘટનાઓ રોજબરોજ બનતી રહે છે. વધુ એક આવી હત્યા થઇ છે જેમાં જમીન-પલોટની દેખરેખનું કામ કરતાં ત્રણ સંતાનના પિતાની પથ્થરથી માથુ છુંદી નાંખી હત્યા કરવામા આવતાં સનસનાટી મચી ગઇ છે. આ ઘટના વડોદરાના દશરથ ગામે બની હતી પોલીસે હત્યારા કોણ? હત્યાનો હેતુ શું? તે જાણવા તપાસ શરૂ કરી હતી. વિગતો પર નજર કરીએ તો પિતાના બદલે પ્લોટની સિક્યુરીટી માટે ગયેલા ત્રણ સંતાનના પિતા ઉમેદ વસાવાની હત્યા કરાયેલી લાશ મળી આવી હતી. માથાના ભાગે પથ્થર મારી હત્યા કરાઈ હોવાનું પ્રાથમિક તારણ છે. છાણી પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે. પરિવારે ન્યાયની માંગ કરી છે. પોલીસે પથ્થર કબજે કરી વધુ તપાસ આદરી હતી. વડોદરાના દશરથ ગામે હત્યાના બનેલા બનાવે સનસનાટી મચાવી દીધી છે. છાણી પોલીસે બનાવ અંગે મૃતકના મૃતદેહનું પોસ્ટમોટર્મ કરાવવાની તજવીજ હાથ ધરી હતી.

વધુ માહિતી અનુસાર દશરથ ગામે રહેતા ત્રણ સંતાનના પિતા ઉમેદ વસાવાના પિતા દશરથ ગામે રાત્રે પ્લોટ સાચવવાનું અને દિવસે કાર વોશિંગનું કામ કરતા હતા. પિતાને મોતિયાનું ઓપરેશન કરાવ્યું હોવાથી તેમને આરામ કરવાનું કહી ઉમેદ પિતાને બદલે તેમની જગ્યાએ કામ કરવા માટે ગયો હતો. આ દરમિયાન આજે સવારે ઉમેદના પરિવારજનને કોઈ વ્યક્તિએ ફોન કરી તેના માથાના ભાગે ગંભીર ઇજાઓ પહોંચાડવામાં આવી હોવાની જાણ કરતા પરિવારજનો દોડી ગયા હતા. બનાવના સ્થળે ઉમેદનો મૃતદેહ પડ્યો હતો, મોઢુ છુંદાયેલું હોય તેમ લાગતું હતું અને બાજુમાં એક પથ્થર પણ પડ્યો હતો. બનાવની જાણ પોલીસને થતા છાણીના પીઆઈ સહિતના અધિકારીઓ દોડી ગયા હતા અને મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરવા તજવીજ કરાવી હતી. પીઆઈના જણાવ્યા -માણે ત્રણ સંતાનના પિતાની -ાથમિક દ્રષ્ટિએ હત્યા થઈ હોવાનું મનાય છે. જેથી બાજુમાં પડેલો પથ્થર પણ કબજે કરવામાં આવ્યો છે. પોલીસે ભેદ ઉકેલવા મહેનત શરૂ કરી હતી.

### ઘરે બેઠા બે પૈસા કમાઇ લેવાના ઈરાદે લિંક પર ક્લીક કર્યુ અને શિકાર બની ગઇ

# ગઠીયાઓએ ONLINE કમાણીનું કહી યુવતિને છેતરી




રાજકોટ, તા. ૨૯

આજના સમયમાં નાના મોટા સૌ કોઇ મોબાઇલ ફોનનો અને ઇન્ટરનેટર તેમજ સૌશિયલ મિડીયાના અલગ અલગ માધ્યમોનો ઉપયોગ કરે છે. આ માધ્યમનો સારા અને સાચ્ચા કામો માટે ભરપુર ઉપયોગ થઇ રહ્યો છે તો લેભાગુઓ ગઠીયાઓ ફ્રોડ માટે પણ આ માધ્યમોનો આડેધડ ઉપયોગ કરી છે. અહિ રોજબરોજ લલચામણી જાહેરાતો પોસ્ટ કરીને ગઠીયાઓ પોતાના શિકાર શોધી ફુલ નહિ તો ફુલની પાંખડી મુજબ હજારો, લાખો અને ક્યારેક કરોડો રૂપિયા ઉસેડી લેવામાં સફળ થાય છે. વધુ એક આવુ ફ્રોડ થયું છે. જેમાં વર્ક ફ્રોમ હોમની ઓનલાઇન જાહેરાત એક યુવતિએ વાંચી હતી અને ફસાઇ ગઇ હતી. પેન્સીલના પેકીંગને લગતી જાહેરાત જોઇ યુવતિએ ઘરે બેઠા બે પૈસા કમાઇ લેવાના ઇરાદે જાહેરાતની લિંક પર ક્લીક કર્યુ હતું અને નાણા ગુમાવી દીધા હતાં.

વિગતો પર નજર કરીએ તો દેશમાં ડિજિટલ અર્થતંત્ર અને ઘરબેઠાં રોજગારીની તકો અંગે ચર્ચા વધતાં વર્ક ફ્રોમ હોમની નોકરી શોધતા લોકો હવે સાઈબર ઠગોના નિશાન પર આવી રહ્યા છે. અમદાવાદના નારોલ વિસ્તારમાં રહેતી એક યુવતી પેન્સિલ પેકિંગના વર્ક ફ્રોમ હોમના નામે ગોઠવાયેલી સાયબર ઠગાઈનો ભોગ બની હતી. માત્ર એક બોક્સ પેકિંગના રૂ.૨૦ કમાવાની આશાએ અરજી કરનાર યુવતી પાસેથી ગઠિયાઓએ વિવિધ ચાર્જના બહાને કુલ રૂ.૭૩ હજાર પડાવી લીધા હતા. અહિ રકમ ભલે નાની હતી પરંતુ ગઠીયાઓ ગમે તેમ કરીને ગમે તેને શિકાર બનાવી જે મળે તે ઉસેડી લેતાં હોવાનું વધુ એક વખત સામે આવ્યું હતું.

વધુ માહિતી અનુસાર નારોલમાં રહેતી ત્રીસ વર્ષીય યુવતી પોતાના મોબાઇલમાં વર્ક ફ્રોમ હોમની નોકરી અંગે ઓનલાઈન સર્ચ કરી રહી હતી. તે દરમિયાન તેને પેન અને પેન્સિલના બોક્સ પેકિંગનું કામ આપતી આકર્ષક જાહેરાત જોવા મળી હતી. જાહેરાતમાં દર્શાવેલા લિંક પર ક્લિક કરતાં વોટ્સએપ ઓપન થયું હતું. યુવતીએ અરજી કરતાં તેને વોઈસ મેસેજ મારફતે જણાવવામાં આવ્યું હતું કે પેન્સિલ પેકિંગના એક બોક્સના રૂ.વીસ ચૂકવવામાં આવશે અને ઘરબેઠાં સરળતાથી કમાણી કરી શકાશે.

ત્યારબાદ અજાણ્યા વ્યક્તિએ ફોન કરીને નોકરી માટે એમ્પ્લોયી આઈડી કાર્ડ બનાવવાના નામે રૂ.૬૨૦ ઓનલાઈન જમા કરાવવા કહ્યું હતું. શરૂઆતમાં નાની રકમ હોવાથી યુવતીએ ચુકવણી કરી દીધી હતી. એકવાર વિશ્વાસમાં લીધા બાદ ગઠિયાઓએ સિક્યુરિટી ડિપોઝિટ, રજીસ્ટ્રેશન ફી, ફાઈલ ચાર્જ, વેરિફિકેશન ચાર્જ અને અન્ય વિવિધ કારણોસર વારંવાર રકમની માંગણી શરૂ કરી હતી. ગઠિયાઓએ મોકલેલા ક્યુઆર કોડ અને સ્કેનર મારફતે યુવતીએ તબક્કાવાર કુલ રૂ.તોંતેર હજાર જમા કરાવી દીધા હતા.

બાદમાં યુવતીએ પોતાની ચૂકવેલી રકમ પરત માંગતા ગઠિયાઓએ વધુ પૈસા જમા કરાવવા કહ્યું હતું. આથી યુવતીને શંકા ગઈ હતી કે તેની સાથે સાયબર ઠગાઈ થઈ રહી છે. આ મામલે નારોલ પોલીસે અજાણ્યા શખ્સ સામે આઈટી એક્ટ અને છેતરપિંડીનો ગુનો નોંધ્યો હતો. આમ વધુ એક લાલચ આપી ઓનલાઇન સાયબર ગઠીયાઓ ઘા કરી ગયા હતાં.

**સોશિયલ મિડીયા પર પોસ્ટ હતીઃ શરૂઆતમાં આઇડી કાર્ડના નામે છસ્સો વીસ પડાવ્યાઃ પછી અલગ અલગ બહાના કરી હજારો ઉસેડી લીધાઃ છેલ્લે છેતરાયાની ખબર પડી**

### લેભાગુઓની નજર વધુ એક રેઢી જમીન પર પડી અને કારસ્તાન થઇ ગયું

# NIRની કરોડોની જમીન બારોબાર વેંચાઇ ગઇ!

## ખોટી સહિઓથી ખોટા કાગળો ઉભા કરી લેવામાં આવ્યાઃ પોલીસે ભેજાબાજો સામે દાખલ કરી એફઆઇઆર




રાજકોટ, તા. ૨૯

ઠગાઇના કિસ્સાઓ રોજેરોજ બની રહ્યા છે. એક દિવસ પણ એવો જતો નથી કે જ્યારે કોઇ પોલીસ સ્ટેશનમાં આ પ્રકારની ફરિયાદ આવી ન હોઇ.

વધુ એક વખત બોગસ કાગળો ઉભા કરી કિંમતી જમીન ખાઇ જવામાં આવી છે. આ વખતે લેભાગુ જમીન કૌભાંડીયાઓ એનઆરઆઇની જમીનના નકલી કાગળો ઉભા કરી તેમાં ઘુસી ગયા હતાં અને બારોબાર વેંચાણ કરી નાંખી હતી.

વિગતો પર નજર કરીએ તાજેતરમાં રાજકોટના સરધાર પંથકમાં વૃધ્ધ દંપતિની કરોડોની જમીનના આ રીતે બોગસ દસ્તાવેજો બનાવી બારોબાર વેંચી મારવામાં આવી હતી. આવી જ ઘટના હવે વડોદરામાં બની છે. વાસણા-ભાયલી રોડના બિલ્ડર ભુપેન્દ્રભાઈએ ફરિયાદ નોંધાવી છે કે, ચેતનાબેન પટેલની ભાયલી ગામની જમીનનો પાવર ઓફ એટર્ની આરોપી મનીષ દીક્ષિતે બનાવટી સહીથી પોતાના નામે કરી લીધો. તેઓ ઘણા વર્ષોથી અમેરિકા સ્થાયી થયા છે. અશ્વિનભાઈની બનાવટી સહીવાળી રિસિપ્ટ બનાવી, ૧૧૦૦ ચોરસ મીટર જમીનનો દસ્તાવેજ કર્યો અને ચેકની રકમ પણ ચૂકવી નથી.

પોલીસ સુત્રોએ જણાવ્યું કે વડોદરાના વાસણા-ભાયલી રોડ નીલમબર પામમાં રહેતા બિલ્ડર ભુપેન્દ્રભાઈએ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, ચેતનાબેન અશ્વિનભાઈ પટેલે ભાયલી ગામમાં આવેલી જમીનની વહીવટી કામગીરી તેમજ રેવન્યુ ડિપાર્ટમેન્ટની સરકારી કચેરીઓમાં સ્ટેટમેન્ટ તેમજ કાર્યવાહી કરવા માટે મને પાવર આપેલા છે. આજ જમીનનો પાવર આપનાર ચેતનાબેન અશ્વિનભાઈ પટેલ તેમજ અન્ય સહમાલીકોની સંયુક્ત માલિકી અને કબજો છે. ચેતનાબેન વિદેશમાં રહે છે અને તેમના પતિ અવારનવાર વડોદરા આવી જમીનની દેખરેખ રાખતા હતા.

થોડા સમય પહેલા ચેતનાબેન અને તેમના ભત્રીજા બ્રિજેશ થકી જાણવા મળ્યું હતું કે તેમની જમીનમાં આરોપી મનીશ સુરેન્દ્રલાલ દીક્ષિત દ્વારા રજીસ્ટર દસ્તાવેજ ચેતનાબેનના પતિ અશ્વિનભાઈની સહીથી કરેલો છે. સરકારી કચેરીમાં કાગલો મંગાવી તપાસ કરતા જાણવા મળ્યું હતું કે અશ્વિનભાઈએ તેમના જમીનના વિવાદ માટે આરોપીને કન્સલ્ટન્સ તરીકે રાખ્યા હતા. અશ્વિનભાઈ માર્ચ ૨૦૨૦ થી અમેરિકા જતા રહ્યા હતા અને ત્યારબાદ ૨૦૨૩ ના સાલમાં પરત આવ્યા હતા.

આ પછી આરોપીએ અશ્વિનભાઈના નામની સહી વાળી તારીખ ૯-૪-૨૦૨૦ ની રિસિપ્ટ બનાવી હતી. જેના આધારે ૧૧૦૦ ચોરસ મીટર જમીનનો દસ્તાવેજ ખોટી રીતે કરી લીધો હતો.

તેમજ દસ્તાવેજમાં જે ચેક દર્શાવવામાં આવ્યો છે તે ચેકની રકમ પણ ચૂકવવામાં આવી નથી. આમ એનઆરઆઇની કરોડોની જમીન લેભાગુઓએ બારોબાર વેંચી મારવાનો કારસો ઘડી તેને અંજામ પણ આપી દીધો હતો. પોલીસે એફઆઇઆરને આધારે આરોપીઓને ઝડપી લેવા તપાસ શરૂ કરી હતી.

# કોઠારીયા ફાયર બ્રિગેડની ટીમની કામગીરીના સૌએ કર્યા વખાણ

## આગથી ઘરવખરી ગુમાવનારા પરિવારને ફાયર સ્ટેશનની ટીમે ખરીદી આપ્યો નવો સામાન



રાજકોટ, તા. ૨૯

શહેરના અલગ અલગ ફાયર સ્ટેશનમાં રોજબરોજ આગ સહિતની દુર્ઘટનાઓમાં કોલ આવતાં જ ટીમો મદદ માટે પહોંચી જતી હોય છે. દરમિયાન એક નોંધપાત્ર કામગીરીને કારણે ફાયર બ્રિગેડની ટીમની પ્રસંશા થઇ રહી છે. શહેરના ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસિઝના કોઠારીયા ફાયર સ્ટેશનના સ્ટેશન ઓફિસર પરેશભાઈ પી. ચુડાસમા તથા મોઈનભાઈ શેખ અને તેમની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી આગ પર કાબુ મેળવી લીધો હતો તેમજ આજુબાજુના રહેણાંક વિસ્તારમાં મોટી દુર્ઘટના સર્જાતી અટકાવી હતી. આ ઘટનામાં પરિવારની ઘરવખરી, સેટી-પલંગ, કબાટ, ગાદલા તેમજ અન્ય સામાન બળીને ખાખ થઈ ગયો હતો. આગ બાદ પરિવારની પરિસ્થિતિ અને વ્યથા જોઈ કોઠારીયા ફાયર સ્ટેશનના સ્ટાફે માત્ર પોતાની ફરજ પુરતી મર્યાદિત ન રહી માનવતાનું ઉત્તમ ઉદાહરણ પુરૂં પાડવાનો સંકલ્પ કર્યો હતો.

આ અંતર્ગત કોઠારીયા ફાયર સ્ટેશનના સ્ટાફ દ્વારા સ્વૈચ્છિક યોગદાન એકત્ર કરી આગથી અસરગ્રસ્ત પરિવારને લોખંડનો સેટી-પલંગ, કબાટ તથા ગાદલાની સેવા રૂપે ભેટ અર્પણ કરવામાં આવી હતી. રાજકોટ ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસિઝ માત્ર આગ બુઝાવવાનું કાર્ય જ નથી કરતી, પરંતુ જરૂરિયાતમંદ લોકોના જીવનમાં આશા અને સહારાનું કિરણ બની માનવતાની સેવા માટે પણ સતત કાર્યરત છે. આ સેવાકીય પ્રવૃત્તિ રાજકોટ ફાયર પરિવારની સમાજ પ્રત્યેની સંવેદના, કરૂણા અને જવાબદારીનું જીવંત ઉદાહરણ છે. કોઠારીયા ફાયર સ્ટેશન ટીમની આ કામગીરીને ઉચ્ચ અધિકારીઓએ પણ બીરદાવી હતી. આમ માત્ર અગા બુઝાવવાનું કામ કરતી ફાયર બ્રિગેડની ટીમે એક પરિવારની ઘરવખરી બળી જતાં તેને નવી ઘરવખરી ખરીદી ભેટમાં આપી આ પરિવારની કકળતી આંતરડી ઠારવાનું કામ પણ કર્યુ હતું.

મનપા તંત્રની કામગીરીના
કિસ્સા સરકાર સુધી પહોંચ્યા

# જંગલેશ્વર ડિમોલિશનના ખર્ચની તપાસનો આદેશ

## મેયરે તપાસ કરવા કમિશનરને જણાવતાં રચાઈ ઉચ્ચ અધિકારીઓની તપાસ સમિતિ

રાજકોટ, તા. ૨૯

મહાનગરપાલિકા અગાઉની જેમ આ વખતે પણ વિરોધના વંટોળમાં જોવા મળી છે. જમવાના બિલ ની સાથોસાથ પાણીના બિલ બાદ મીડિયા કવરેજ નું બિલ લાખોમાં હોવાના કારણે ક્યાંક ને ક્યાંક ગેરરીતિ આચરવામાં આવી હોય તેવું સ્પષ્ટ ચિત્ર ઊભું થયું છે. જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર જંગલેશ્વર ડિમોલિશન માં થયેલ આડેધડ ખર્ચ અંગે હાલ દરેક જગ્યાએથી કામગીરી ઉપર અનેકવિધ સવાલો ઉઠી રહ્યા છે વાત અહીં જ પૂર્ણ થતી નથી રાજ્ય સરકારે પણ ખર્ચનો રિપોર્ટ માંગ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

વિગતવાર ચર્ચા કરવામાં આવે તો ડિમોલિશન કામગીરી દરમિયાન ૨૭ લાખથી વધુ નો ભોજન ખર્ચ થયો હોવા નું બિલ મૂકવામાં આવતા જ ખરભડાટ મચી ગયો હતો એટલું જ નહીં ૧૨.૫૦ લાખનું પાણીનું બિલ આવતા કેમ સ્ટેન્ડિંગ કમિટીમાં બિલ ન મૂકવામાં આવ્યું તે અંગે પણ અનેકવિધ વિરોધ ઊભો થયો ત્યાં જ બે રૂપિયાની બોટલના આઠ રૂપિયા વસૂલવામાં આવ્યો હોવાની વાત પણ વાયુવેગે વહેતી થઈ. વિડીયોગ્રાફીના ખર્ચમાં પણ લાખ રૂપિયા નું બિલ થયા નો વિવાદ ગાજતા હવે ખુદ મેયર નેહલ શુકલે આ અંગે નિવેદન આપ્યું છે અને જણાવ્યું હતું કે મ્યુનિસિપલ કમિશનર દ્વારા ખાસ સમિતિનું ગઠન કરવામાં આવે અને ગંભીરતાપૂર્વક તપાસ હાથ ધરાય. ગઈકાલે મેયર ડો. નેહલ શુકલએ મ્યુનિ. કમિશનરને પત્ર લખીને તટસ્થ તપાસ કરાવવા ભલામણ કરતા કમિશનર તુષાર સુમેરાએ તત્કાલ તપાસ કમીટીની રચના કરી દીધી છે. ડિમોલીશન વખતે અનિવાર્ય રહેલા ખર્ચમાં પણ કોઇ પણ પ્રકારની અનિયમિતતા હોય તો તે અંગે પણ તપાસ રીપોર્ટના આધારે કાર્યવાહી કરવામાં આવશે તેમ મેયરે અને ચેરમેને કહ્યું હતું. ડિમોલીશન સાથેના ભોજન, નાસ્તા, ફોટોગ્રાફી, પાણી સહિતના ખર્ચ બાબતે જે પ્રશ્નો ઉભા થયા છે તેને સમગ્ર તંત્રએ ગંભીરતાથી લીધુ છે.



ભાજપના સત્તાધીશો એ જણાવ્યું હતું કે હાલ જે આક્ષેપો અને વિરોધ થઈ રહ્યો છે તેમાં વિરોધીઓએ એક એ બાબતનું પણ ધ્યાન રાખવું જોઈએ કે આ એ જ ભાજપની બોડી છે અને આ એ જ સ્ટેન્ડિંગ કમિટી છે કે જેને આબીલ અટકાવ્યા છે. ગઈકાલે નેહલ શુકલે કમિશનરને પત્ર લખી કમિટી બનાવવા માટે જણાવ્યું હતું અને જરૂરી પગલાં લેવામાં આવે તે અંગે પણ સ્પષ્ટતા કરવામાં આવી હતી. સમિતિનો રિપોર્ટ આવ્યા બાદ જ સ્ટેન્ડિંગ કમિટી દ્વારા અંતિમ નિર્ણય લેવામાં આવશે તેવું જાણવા મળ્યું છે હાલ મ્યુનિસિપલ કમિશનર ના સુપરવિઝનમાં જ આ તપાસ હાથ ધરાશે. મેયર તથા મ્યુનિસિપલ કમિશનરે આ અંગે તટસ્થ તપાસની વાત કરી હતી અને ભરોસો પણ અપાવ્યો હતો. મ્યુનિસિપલ કમિશનરે જણાવ્યું હતું કે જે પણ બિલો મુકવામાં આવ્યા છે તેને ગંભીરતાપૂર્વક ઓળખવામાં આવશે અને થયેલ કામગીરી અંગે તેની સરખામણી પણ થશે અને સહેજ પણ ચૂક દેખાશે તો તે પણ માફ કરવામાં નહીં આવે. તપાસમાં કોઈપણ પ્રકારની ગેરરીતિ, બેદરકારી અથવા નાણાકીય અનિયમિતતા સામે આવશે તો જવાબદાર સામે નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવશે. તેનો રીપોર્ટ પણ વહેલો આપવા મેયરે આગ્રહ કર્યો છે. આવા આક્ષેપો તંત્રના હિતમાં નહીં હોવાનું તેમણે જણાવ્યું હતું.

### કમિટીનો રિપોર્ટ આવશે વહેલાસર : દરેક મુદ્દા પર થશે તપાસ

રાજકોટ મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ માહિતી આપતા જણાવ્યું હતું કે હાલ જે કમિટીનું ગઠન કરવામાં આવ્યું છે તેમનો રિપોર્ટ ઝડપ ફેર આવશે અને આ તપાસમાં દરેક નાનાથી લઈ મોટા મુદ્દાઓની જીણવટ પૂર્વક તપાસ કરવામાં આવશે જેથી કોઈપણ મુદ્દો છૂટે નહીં અને જો ક્યાંય ખોટું થયું હશે તો તેના પર તાકીદે પગલાં પણ લેવાશે. પાણી, ભોજન સહિતના તમામ ખર્ચ અંગે સમીક્ષા કરવા પણ તંત્ર તૈયાર છે. તપાસનીસ અધિકારીઓ આ અંગે સ્વતંત્ર તપાસ કરીને તેમને રીપોર્ટ આપશે. ઓવર પેમેન્ટ થયું હોય તો રીકવરી પણ કરાશે. ડિમોલેશન દરમિયાન તમામ ખર્ચની પારદર્શિતા અને જાહેર નાણાંનો યોગ્ય ઉપયોગ થયો છે કે નહીં તે અંગે હવે તપાસ કમિટીનો અહેવાલ પણ વહેલાસર આપવા જણાવ્યું છે.

### રાજ્ય સરકારે માગ્યો રિપોર્ટ

મહાનગરપાલિકા ની કામગીરીને જાણે ગ્રહણ લાગ્યું હોય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે ડિમોલિશન કામગીરી દરમિયાન ખાણીપીણી સહિતના વિવિધ બિલ અંગે ભારે વિરોધ ઉઠ્યો છે ત્યારે રાજ્ય સરકારે પણ મહાનગરપાલિકા પાસેથી રિપોર્ટ માનતા તંત્રમાં હાલ ખરભડાટ મચી ગયો છે. સરકારે સ્પષ્ટતા કરતા જણાવ્યું કે કઈ કઈ એજન્સીને કામ આપવામાં આવ્યું હતું અને કેટલું કામ થયું છે અને શું રકમ નક્કી થઈ છે તે અંગે તમામ વિગતો આપવામાં આવે જેને લઈ હાલ મહાનગરપાલિકાના વિવિધ વિભાગોમાં દોડધામ મચી ગઈ છે. એટલું જ નહીં ક્યો ઠરાવ અગાઉ થયેલો છે તેની પણ માહિતી માંગી છે.

### ડેપ્યુટી કમિશનરના અધ્યક્ષસ્થાને કમિટીનું ગઠન

મહાનગરપાલિકાના મેયર દ્વારા મ્યુનિસિપલ કમિશનરને પત્ર લખી તટસ્થ તપાસની માંગ કરી છે જેને ધ્યાને લઈને મ્યુનિસિપલ કમિશનર દ્વારા ખાસ ડેપ્યુટી કમિશનરના અધ્યક્ષ સ્થાને કમિટીનું ગઠન કર્યું છે જેઓ દરેક બીલનો ઝીણવડ પૂર્વ અભ્યાસ કરી રિપોર્ટ મ્યુનિસિપલ કમિશનરને શોભ છે અને ત્યારબાદ જ સત્ય હકીકત બહાર આવશે. તપાસ સમિતિમાં ઈસ્ટ ઝોનના એક પણ અધિકારીને સામેલ કર્યા ન હોવાની વિગતો પણ મળી રહી છે.

### તપાસમાં નહીં રહે કોઈ કચાસ : મેયર

મેયર નેહલ શુકલે આદેશ આપતા કહ્યું હતું કે હાલ જે તપાસ હાથ ધરવામાં આવશે તેમાં કોઈ પણ પ્રકારની કચાશ રાખવામાં નહીં આવે અને ગુનાહિત કામગીરી કરનાર સામે કડક પગલાં લેવાશે અને દંડાત્મક કાર્યવાહી પણ થશે. રેટ કોન્ટ્રાક્ટ પણ અગાઉ થયો હતો તે મુજબ ખર્ચ થયાનું ધ્યાનમાં આવ્યું છે. પરંતુ ભવિષ્યમાં રેટ કોન્ટ્રાક્ટ અને તેમાં જુદી જુદી વસ્તુના નક્કી કરવામાં આવતા ભાવો અંગે પણ વધુ ચોકસાઈ રાખવામાં આવશે. હાલ આ તપાસમાં કોઈ કચાસ ન રહે તે માટે સૂચના અધિકારીઓને આપવામાં આવી છે. જંગલેશ્વરમાં થયેલા મેગા ડિમોલીશન પાછળ થયેલા ખર્ચના વિવાદ મામલે મેયરે કમિશ્નરને પત્ર લખતા કમિશ્નર તપાસ સમિતિ રચવા જાહેરાત કરી છે જે સમયે મેયર સાથે રહેલા ભાજપ પ્રમુખ અને સ્ટે.ચેરમેન પણ જોવા મળે છે. હાલ મહાનગરપાલિકા માટે જંગલેશ્વર ડિમોલિશનના ખર્ચનો મુદ્દો અત્યંત પેચીદો બની ગયો છે. અને આ અંગે યોગ્ય નિર્ણય લેવામાં આવે તે પણ એટલું જ જરૂરી અને આવશ્યક બન્યું છે. જ્યારે સરકાર દ્વારા આ અંગે નોંધ લેવામાં આવી હોય ત્યારે એ વાત તો સ્પષ્ટ છે કે આ કામગીરીથી ઘણા ખરા અન્ય પ્રશ્નો પણ ઊભા થયા છે. ત્યારે હવે જોવાનું એ રહ્યું કે તપાસમાં શું સત્ય બહાર આવે છે.

---

માળખાગત સુવિધા વિકસાવવા તંત્રની પહેલ

# અટીકા ફાટક નજીક 'H' આકારનો નિર્માણ પામશે બ્રીજ

રાજકોટ, તા. ૨૯

મહાનગરપાલિકા દ્વારા છેલ્લા ઘણા સમયથી માળખાગત સુવિધાઓના વિકાસ માટે ઘણી ખરી મહેનત કરવામાં આવી રહી છે . સાથો સાથ હાલ રાજકોટનો જો કોઈ વિકટ પ્રશ્નો હોય તો તે ટ્રાફિકનો છે ત્યારે તેનો યોગ્ય નિવારણ લાવવા વિવિધ અંડર બ્રિજ તથા ઓવરબ્રિજ બનાવવાનો કાર્ય તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી રહ્યું છે અને તે દિશામાં હાલ વિચારો પણ રજુ થઈ રહ્યા છે. થોડા સમય પૂર્વે જ માલવયા કોલેજ સામે ઝેડ આકારમાં બ્રિજ બનાવવા માટેની મંજૂરી મળી ગઈ હોવાનું માલુમ પડ્યું છે અને તે કાર્ય માટેની તૈયારીઓ પણ હાલ શરૂ કરી દેવાય છે.




**મહાનગરપાલિકા દ્વારા ચર્ચા વિચારણા શરૂ : પ્રોજેક્ટ અમલી બનશે તો ટ્રાફિક સમસ્યા થશે દૂર**

હાલ વિગતો મળી રહી છે કે અટીકા રોડ તરફના રાજકમલ પેટ્રોલ પંપ નજીક ફાટક હેઠળ ‘‘એચ‘‘ આકારનો અંડર બ્રિજ બનાવવાનો નિર્ણય પણ લેવામાં આવ્યો છે અને હાલ વિચારણા પણ શરૂ કરી દેવાય છે. ૮૨ કરોડના સંભવિત ખર્ચથી બનનારા આ પ્રોજેકટથી ઢેબર રોડ, ગોંડલ રોડની મોટી ટ્રાફિક સમસ્યા હળવી થઇ શકે તેમ છે. થોડા દિવસો પહેલા મેયર અને કમિશ્નર સહિતના તંત્રવાહકોએ આ ફાટક સાઇડની રૂબરૂ વિઝીટ કરી હતી.

આ માટે સૌ પહેલા ઢેબર રોડ પર મહિલા વિકાસ ગૃહ બાદથી બંને તરફ અનેક મિલ્કતોને કપાત કરવાની થાય છે. જેનો અંદાજ કાઢવાનું ટીપી વિભાગે શરૂ કર્યુ છે. બીજી તરફ ટેન્ડર કરવાની પ્રક્રિયા શરૂ થઇ છે. જોકે જનરલ બોર્ડમાં અપાયેલા જવાબ મુજબ પ્રપોઝડ અંડર બ્રીજના એલાઇમેન્ટ મુજબ ઢેબર રોડ તથા ગોંડલ રોડ પર મિલ્કત કપાત માટે લાઇન ઓફ પબ્લીક સ્ટ્રીટ હેઠળની કામગીરી ટીપી વિભાગ દ્વારા કરાઇ રહી છે અને ડીપીઆર, ટેન્ડર તથા રેલ્વે સાથેનું સંકલન સેન્ટ્રલ ઝોન કરે છે. આમ હજુ વહીવટી પ્રક્રિયા શરૂ થઇ રહી છે.

ટ્રાફિક સમસ્યા હળવી થાય અને રેલ્વે ફાટક માંથી રાજકોટને મુક્તિ મળે તે હેતુસર હાલ વિવિધ બ્રિજ બનાવવાના પ્રોજેક્ટ હાથ ધરવામાં આવી રહ્યા છે.. માલવિયા કોલેજ પાસે જે બ્રિજ બનાવવાનું કાર્ય હાથ ધરવામાં આવશે તે માટેની સૈદ્ધાંતિક મંજૂરી પણ આપી દેવામાં આવી છે અને આગામી પ્રક્રિયાઓને પણ હવે વેગ મળશે. ગોંડલ રોડ પર આ અન્ડરબ્રિજ તૈયાર થયા બાદ ઢેબર રોડ, ગોંડલ રોડ અને પી.ડી. માલવિયા કોલેજ વિસ્તારના ટ્રાફિકને મોટી રાહત મળશે.

હાલ રાજકમલ ફાટક પાસે એચ આકારના બ્રિજ નિર્માણ માટે જે વિચાર ચાલી રહ્યો છે તે આશરે ૮૧ કરોડના ખર્ચે પૂર્ણ થશે. ત્યારે આ પ્રોજેક્ટ આગળ વધે તો કોઠારીયા તરફથી આવતા ભારે વાહનોને ટ્રાફિકમાંથી પસાર નહીં થવું પડે જેને લઈને હાલ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. મહાનગરપાલિકા દ્વારા હાલ આ અંગે વિચાર વિમર્શ કરવામાં આવી રહ્યો છે ત્યારે ટાઉન પ્લાનિંગ વિભાગની આ બ્રિજ બનાવવાની કામગીરીમાં મહત્વની ભૂમિકા રહેશે જેમાં કેટલી મિલકતોને કપાસ કરવી તેનો ડીપીઆર રિપોર્ટ તથા રેલ્વેની મંજૂરી સહિતના મુખ્ય મુદ્દાઓ પર ચર્ચા વિચારણા કરવામાં આવશે જેને લઈને હાલ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. જો આ પ્રોજેક્ટ અમલી બનશે તો ગોંડલ રોડ થી ઢેબર રોડ સુધીનો જે ટ્રાફિકનો પ્રશ્ન છેલ્લા ઘણા સમયથી લોકોને સતાવતો તે નહીં સતાવે. અને લોકોને ટ્રાફિકમાંથી મુક્તિ પણ મળશે.

---

સ્માર્ટ રાજકોટની સ્માર્ટ ટીપી સ્કીમ્સ!

# ટીપી ૫૭-૫૮ને સરકારની મંજૂરી

## રાજકોટ, સુરત અને અમદાવાદની મહત્વની TP સ્કીમોને મળી સરકારની લીલી ઝંડીઃ વાજડી ગઢ વિસ્તારની ટાઉન પ્લાનિંગ યોજના નંબર ૮૦ને પણ મંજૂરી

રાજકોટ, તા. ૨૯

રાજ્યના ત્રણ મોટા શહેરો રાજકોટ, સુરત અને અમદાવાદમાં ટાઉન પ્લાનિંગ (ઝડ) યોજનાઓને સરકારી મંજૂરી આપી દેવામાં આવી છે, જેનાથી આ વિસ્તારોમાં હવે વિકાસના નવા દ્વાર ખુલશે. શહેરી વિકાસ વિભાગ દ્વારા આ અંગેની સત્તાવાર અધિસૂચનાઓ પણ બહાર પાડી દેવામાં આવી છે. સરકાર દ્વારા જે મુખ્ય મંજૂરીઓ આપવામાં આવી છે તેમાં સૌથી વધુ લાભ રાજકોટ શહેરને મળ્યો છે. રાજકોટની ટાઉન પ્લાનિંગ યોજના નંબર ૫૭ અને ૫૮ ને રાજ્ય સરકારે મંજૂરીની મહોર મારી છે, સાથે જ વાજડી ગઢ વિસ્તારની ટાઉન પ્લાનિંગ યોજના નંબર ૮૦ ને પણ મંજૂરી આપવામાં આવી છે. રાજકોટના વધતા જતા વિસ્તાર અને આયોજનબદ્ધ વિકાસ માટે આ નિર્ણય અત્યંત મહત્વનો માનવામાં આવી રહ્યો છે.



આ યોજનાઓ મંજૂર થવાથી સંબંધિત વિસ્તારોમાં જમીનોના ભાવ, વ્યવસ્થિત રહેણાંક અને વ્યાપારી એકમોના આયોજનમાં સ્પષ્ટતા આવશે. રાજ્ય સરકારના આ નિર્ણયથી શહેરી વિસ્તારના નાગરિકોને આયોજનબદ્ધ સુવિધાઓ મળવાની સાથે રિયલ એસ્ટેટ ક્ષેત્રે પણ સકારાત્મક અસર જોવા મળશે.

શહેરી વિકાસ વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર, સરકારનો મુખ્ય ઉદ્દેશ્ય શહેરોમાં ગેરકાયદે બાંધકામો રોકીને આયોજનબદ્ધ વિકાસ કરવાનો છે. મંજૂર થયેલી આ તમામ યોજનાઓ ટૂંક સમયમાં જ અમલી બની જશે, જેનાથી આ વિસ્તારોમાં માળખાકીય સુવિધાઓનો નવો અધ્યાય શરૂ થશે. નાગરિકો અને રિયલ એસ્ટેટ ડેવલપર્સમાં પણ આ નિર્ણયને લઈને ઉત્સાહ જોવા મળી રહ્યો છે.ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા રાજ્યના મુખ્ય શહેરોમાં માળખાકીય સુવિધાઓ અને આયોજનબદ્ધ વિકાસને વેગ આપવા માટે એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો .

રાજકોટ હવે માત્ર ખાણી-પીણી અને એન્જિનિયરિંગ ઉદ્યોગ પૂરતું સીમિત નથી રહ્યું. રાજકોટ મહાનગરપાલિકા અને રૂડા દ્વારા સ્માર્ટ સિટી, એઈમ્સ કનેક્ટિવિટી અને ટાઉન પ્લાનિંગ સ્કીમના જોરે શહેરનો નકશો જ આખો બદલાઈ રહ્યો છે.

રાજકોટમાં હાલમાં જે રીતે ટાઉન પ્લાનિંગ સ્કીમો મંજૂર થઈ રહી છે, તેનાથી શહેરનો વિકાસ રોકેટ ગતિએ વધી રહ્યો છે. તાજેતરમાં જ રાજ્ય સરકાર દ્વારા રાજકોટની ઝડ સ્કીમ નંબર ૫૭ અને ૫૮ તેમજ વાજડી ગઢ વિસ્તારની ઝડ સ્કીમ નંબર ૮૦ને લીલી ઝંડી આપી દેવામાં આવી છે. આ ઉપરાંત વાવડી, માધાપર અને મોરબી રોડ તરફ પણ નવી સ્કીમોથી વિકાસના નવા દ્વાર ખૂલ્યા છે.

મંજૂર થયેલી નવી ટીપી સ્કીમોમાં 30 ફૂટથી લઈને સીધા ૨૦૦ ફૂટ સુધીના પહોળા રસ્તાઓનું આયોજન છે. ટ્રાફિકની સમસ્યા હવે ભૂતકાળ બનશે! માત્ર વાવડી અને તેની આસપાસની સ્કીમોમાંથી જ મનપાને કરોડો રૂપિયાના અનામત પ્લોટ (આશરે ૧૬૫ થી વધુ) મળ્યા છે. આ પ્લોટ્સમાં ભવિષ્યમાં બાગ-બગીચા, હોસ્પિટલ, પબ્લિક પાર્કિંગ અને સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું થશે.

ગ્રીન ઝોન, રેસિડેન્શિયલ અને કોમર્શિયલ ઝોનનું યોગ્ય વર્ગીકરણ થવાથી હવે ગેરકાયદે બાંધકામો અટકશે અને રાજકોટ એક વેલ-પ્લાન્ડ મેટ્રો સિટી જેવું દેખાશે.

બિલ્ડર્સ અને રોકાણકારો માટે આ ગોલ્ડન પીરિયડ છે. રિંગ રોડ-૨ અને એઈમ્સ રોડની કનેક્ટિવિટી સાથે આ ટીપી સ્કીમો રોકાણ પર બમ્પર વળતર (છ્ઘઈ) આપવા તૈયાર છે.